R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11 Licensed to post without pre-payment Licence No. 001-2009-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨ ● તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૦ ● અંક નં. ૬

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ   કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી   સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

www.gujaratinformation.net   Phone No. : 079-232-53440

## કેન્દ્રીય જાહેર સેવા આયોગ : નવી દિલ્હી

# ભારતીય સનદી સેવા (IAS)પરીક્ષા - ૨૦૧૦

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧-૨-૨૦૧૦**

**પ્રિલિમિનરી પરીક્ષાની તારીખ : ૨૩-૫-૨૦૧૦**

કેન્દ્રીય જાહેર સેવા આયોગ, નવી દિલ્હી દ્વારા નીચે દર્શાવેલ સનદી સેવા (IAS)ની જગાઓ માટે ભારતીય સનદી સેવાની પ્રિલિમિનરી પરીક્ષાનું આયોજન કરાનાર છે. આ પરીક્ષા આગામી **તા. ૨૩-૫-૨૦૧૦ના** રોજ દેશભરમાં નિર્ધારીત કેન્દ્રો ખાતે યોજાશે.

ભારત સરકારના પર્સોનલ અને ટ્રેનિંગ મંત્રાલયના **તા. ૨-૧-૨૦૧૦ના** નિર્દિષ્ટ નિયમાનુસાર આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપર દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાનો આયોગને અબાધિત અધિકાર રહેશે. સામાન્ય રીતે ઉમેદવારોને તેમની પસંદગીનું પરીક્ષા કેન્દ્ર આપવા શક્ય તેટલા તમામ પ્રયાસો કરવામાં આવશે. પરંતુ કેટલાક સંજોગોમાં ઉમેદવારને તેમની પસંદગી સિવાયનું પરીક્ષા કેન્દ્ર આપવાનો નિર્ણય પણ આયોગની મનસૂફી પર આધારિત રહેશે. અંધ ઉમેદવારોએ પરીક્ષા આપવા માટે ચેન્નાઈ, હૈદરાબાદ, લખનૌ, કોલકત્તા, મુંબઈ, દિસપુર કે દિલ્હી કેન્દ્ર જ પસંદ કરવાનું રહેશે. ઉમેદવારને પરીક્ષાના સમયપત્રક અને પરીક્ષા કેન્દ્ર/કેન્દ્રો અંગે જાણ કરવામાં આવશે.

અત્રે એ નોંધનીય છે કે, સામાન્ય રીતે એકવાર પરીક્ષા કેન્દ્ર નક્કી કર્યા બાદ તેમાં ફેરફાર અંગે ઉમેદવારની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આમ છતાં અરજીપત્રકમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રમાં ઉમેદવાર ફેરફાર કરવા ઈચ્છે તો તેમણે **સેક્રેટરી, યુનિયન પબ્લિક સર્વિસ કમિશનને** તે શા માટે પરીક્ષા કેન્દ્ર બદલવા ઈચ્છે છે તેના કારણો સહિત અરજી કરવાની રહેશે. પરંતુ **તા. ૩-૩-૨૦૧૦** પછી મળેલી પરીક્ષા કેન્દ્રો બદલવા અંગેની અરજીઓ પ્રત્યે કોઈપણ સંજોગોમાં ધ્યાન અપાશે નહીં.

**પરીક્ષાના પરિણામ બાદ નીચે જણાવ્યા મુજબની જગાઓ ઉપર નિમણૂક અપાશે.**

- Indian Administrative Service. (IAS)
- Indian Foreign Service. (IFS)
- Indian Police Service. (IPS)
- Indian P & T Accounts & Finance Service, Group 'A'
- Indian Audit and Accounts Service, Group 'A'.
- Indian Revenue Service (Customs and Central Excise) Group 'A'.
- Indian Defence Accounts Service, Group 'A'.
- Indian Revenue Service, Group 'A'.
- Indian Ordnance Factories Service, Group 'A' (Assistant Works Manager, Non-technical)
- Indian Postal Service, Group 'A'.
- Indian Civil Accounts Service, Group 'A'.
- Indian Railway Traffic Service, Group 'A'.
- Indian Railway Accounts Service, Group 'A'.
- Indian Railway Personnel Service, Group 'A'.
- Post of Assistant Security Officer, Group 'A' in Railway Protection Force.
- Indian Defence Estates Service, Group 'A'.
- Indian Information Service (Junior Grade), Group 'A'.
- Indian Trade Service, Group 'A' (Grade-III).
- Armed Forces Headquarters Civil Service, Group 'B' (Section Officer's Grade)
- Delhi, Andaman & Nicobar Islands, Lakshadweep, Daman & Diu and Dadra & Nagar Haveli Civil Service, Group 'B'.

**અપેક્ષિત જગાઓ : અંદાજે - ૯૬૫**

**એક્ઝામિનેશન નોટિસ નં. 04/2010-CSP**

- Delhi, Andaman & Nicobar Islands, Lakshadweep, Daman & Diu and Dadra & Nagar Haveli Police Service, Group 'B'.
- Pondicherry Police Service, Group 'B'.
- Pondicherry Civil Service, Group 'B'.

❑ **જગાઓ :** પરીક્ષાના પરિણામના આધારે ભરાનાર કુલ જગાઓની સંખ્યા અંદાજે **૯૬૫** છે.

- અ.જા./અ.જ.જા./અ.પ.વ./શા.ખો.ખાં.ના ઉમેદવારો માટે આરક્ષણની સંખ્યા સરકાર દ્વારા નક્કી થનાર કુલ જગાઓની સંખ્યાના આધારે રહેશે. આમ છતાં આ કક્ષાના ઉમેદવારોએ વિગતવાર માહિતી માટે **તા. ૨-૧-૨૦૧૦**નું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોઈ લેવું.

❑ **પરીક્ષાની પદ્ધતિ :**

- સિવિલ સર્વિસીસ એક્ઝામિનેશન બે તબક્કામાં યોજાશે.
- હેતુલક્ષી પ્રકારની પ્રિલિમિનરી પરીક્ષાના આધારે મુખ્ય (મેઈન) પરીક્ષાના ઉમેદવારો નક્કી કરાશે.
- લેખિત અને મૌખિક ઈન્ટરવ્યૂના આધારે ઉપર નિર્દિષ્ટ જગાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.
- ઉમેદવારોએ અત્યારે ફક્ત પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરવાની રહેશે.
- આયોગ દ્વારા જે ઉમેદવારોને પ્રિલિમિનરી પરીક્ષામાં ઉત્તિર્ણ કરવામાં આવશે તેમને મુખ્ય પરીક્ષા (મેઈન) માટે પુનઃ અરજી કરવાની રહેશે. આ માટે વિગતવાર અરજીપત્રક ઉમેદવારોને મોકલવામાં આવશે. મુખ્ય પરીક્ષા સામાન્ય રીતે ઓક્ટોબર/નવેમ્બર, ૨૦૧૦માં યોજાશે.

❑ **નાગરિકત્વ :**

- આઈ. એ. એસ. અને આઈ. પી. એસ.ની પરીક્ષાના ઉમેદવારો માટે ભારતીય નાગરિકત્વ આવશ્યક છે.
- જ્યારે અન્ય સેવાઓ માટે ઉમેદવાર ભારતીય નાગરિક હોવા જોઈએ અથવા નેપાળ, ભૂતાન કે તિબેટના આશ્રિત હોય કે જેઓ તા. ૧ જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં કાયમી વસવાટના હેતુથી આવેલ હોય અથવા તો ભારતના મૂળ વતની હોય અને બર્મા, પાકિસ્તાન, શ્રીલંકા, પૂર્વ આફ્રિકાના દેશો જેવા કે, કેન્યા, યુગાન્ડા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયા, ઝામ્બિયા, માલાવી, ઝૈર, ઈથોપીયા અને વિયેટનામથી સ્થળાંતર કરીને ભારતમાં કાયમી વસવાટ કરવાના આશયથી આવ્યા હોય.
- આ અંગે જ્યાં આવશ્યક્તા હશે ત્યાં ભારત સરકારે આપેલ સંબંધિત પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

❑ **વયમર્યાદા :**

- તા. ૧-૮-૨૦૧૦ના રોજ ઉમેદવાર ૨૧ થી ૩૦ વર્ષની વચ્ચેની વય ધરાવતા હોવા જોઈએ એટલે કે, તા. ૨-૮-૧૯૮૦ થી તા. ૧-૮-૧૯૮૯ની વચ્ચે જન્મેલા હોવા જોઈએ. અનામત વર્ગના ઉમેદવારોને નિયમાનુસાર વયમર્યાદામાં છૂટછાટ મળશે.

❑ **લઘુત્તમ શૈક્ષણિક લાયકાત :**

- ઉમેદવાર સરકાર દ્વારા માન્ય ભારતમાં આવેલી યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક હોવા જોઈએ.

❑ **નોંધ :**

- જે ઉમેદવારોએ સ્નાતકના અંતિમ વર્ષની પરીક્ષા આપી હોય અને પરિણામ બાકી હોય તેવા ઉમેદવારો પ્રિલિમિનરી પરીક્ષા માટે અરજી કરી શકશે. પરંતુ મુખ્ય પરીક્ષા વખતે તેમણે સ્નાતક પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- ઉમેદવાર સરકાર દ્વારા માન્ય યુનિવર્સિટી સિવાય અન્ય કોઈ શૈક્ષણિક સંગઠનમાંથી સ્નાતક કક્ષાની લાયકાત ધરાવતા હશે તો આયોગની મનસૂફી અનુસાર તેમને પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- વ્યવસાયિક અને તાંત્રિક લાયકાત ધરાવતા ઉમેદવારોને પણ પરીક્ષા માટે યોગ્ય ગણવામાં આવશે.
- એમ. બી. બી. એસ. કે અન્ય તબીબી ફાઈનલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા હોય અને ઈન્ટર્નશિપ પૂર્ણ ન કરી હોય અથવા કરવાની બાકી હોય તેવા ઉમેદવારો પણ અરજી કરી શકશે.

❑ **પ્રયાસોની સંખ્યા :**

- સનદી સેવા માટે સામાન્ય વર્ગના ઉમેદવારો ચાર વખત જ્યારે અ.પ.વ.ના ઉમેદવારો સાત વખત પ્રયાસ કરી શકશે.
- અ.જા./અ.જ.જા. ઉમેદવારો માટે બંધન રહેશે નહીં.

❑ **આ પરીક્ષા માટે કોણ અરજી કરી શકશે નહીં :**

- સનદી સેવાની અગાઉની પરીક્ષામાં પાસ થયેલા અને ઈન્ડિયન એડ્મિનિસ્ટ્રેટિવ સર્વિસ અને ઈન્ડિયન ફોરેન સર્વિસમાં જે ઉમેદવારોને નિમણૂક આપવામાં આવી હોઈ અને આ સેવામાં ચાલુ હોય તેવા ઉમેદવારો આ પરીક્ષા આપી શકશે નહીં.
- સિવિલ સર્વિસિસ એક્ઝામિનેશન-૨૦૧૦ની પ્રિલિમિનરી પરીક્ષા પછી જે ઉમેદવારોને આઈ.એ.એસ./આઈ.એફ.એસ.માં નિમણૂક આપવામાં આવી હોય અને તેઓ સેવામાં ચાલુ હોય તેવા ઉમેદવારો સિવિલ સર્વિસ મેઈન એક્ઝામિનેશન-૨૦૧૦ માટે અરજી કરી શકશે નહીં.

❑ **ફી :**

- પરીક્ષામાં પ્રવેશ ઈચ્છતા ઉમેદવારોએ સંપૂર્ણ ભરેલાં અરજીપત્રકો સાથે **રૂા. ૫૦**નો ફક્ત એક જ સેન્ટ્રલ રિક્રુટમેન્ટ ફી સ્ટેમ્પ ફી સ્વરૂપે કમિશનને ચૂકવવાનો રહેશે.
- અ. જા./અ.જ.જા.ના ઉમેદવારોને તથા શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારોને ફી મુક્તિ રહેશે. **મહિલા ઉમેદવારોએ પણ ફી ભરવાની નથી.**
- સેન્ટ્રલ રિક્રુટમેન્ટ ફી સ્ટેમ્પ્સ (પોસ્ટેજ સ્ટેમ્પ્સ નહિ.) પોસ્ટ ઓફિસમાંથી મેળવી શકાશે. અરજીપત્રકમાં આપેલી નિયત જગાએ આ સ્ટેમ્પ્સ ચોંટાડવાનો રહેશે. પ્રાપ્ત સેન્ટ્રલ રિક્રુટમેન્ટ ફી સ્ટેમ્પ્સ જે તે પોસ્ટ ઓફિસમાંથી રદ થયો હોવો જોઈએ અને એ અરજીપત્રક ઉપર જે તે કચેરી અને રદ થયાની તારીખ સ્પષ્ટ વાંચી શકાતા હોવા જોઈએ.
- સેન્ટ્રલ રિક્રુટમેન્ટ ફી સ્ટેમ્પ્સ સિવાયનાં પોસ્ટેજ સ્ટેમ્પ્સ કોઈ પણ કિસ્સામાં સ્વીકારવામાં આવશે નહીં.
- આઈ.પી.ઓ., બેંક ડ્રાફ્ટ, મનીઓર્ડર, ક્રોસ્ડ ચેક, ચલણી નોટ કે ટ્રેઝરી ચલણ વગેરે સ્વરૂપે ફી સ્વીકારાશે નહીં અને આવી અરજીઓ ફી વગરની છે એમ ગણી રદબાતલ કરાશે.

➲

### ➲ ❑ અરજી કેવી રીતે કરશો ?

કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા યોજાતી તમામ પરીક્ષાઓ માટે ફક્ત એક જ અરજીપત્રક કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિથી તૈયાર કરેલ છે. એકનૉલેજમેન્ટ કાર્ડ, અરજીપત્રક મોકલવા માટેનું પરબીડિયું તેમજ અરજીપત્રક ભરવા માટેની સામાન્ય સૂચનાઓ નિર્દિષ્ટ કરેલ માહિતીપત્રક સાથેનું અરજીપત્રક સમગ્ર દેશની હેડ પોસ્ટ ઓફિસો/પોસ્ટ ઓફિસોમાંથી **રૂ. ૨૦ રોકડા** આપી મેળવી શકાશે. આ અરજીપત્રક નિર્દિષ્ટ કરેલી પોસ્ટ ઓફિસોમાંથી જ મેળવવું, કોઈપણ એજન્સી પાસેથી મેળવવું નહીં. આ અરજીપત્રક ફક્ત એકજ વાર અને ફક્ત એક જ પરીક્ષા માટે ઉપયોગ કરી શકાશે. ઉમેદવારોએ માહિતીપત્રક સાથે આપેલા અરજીપત્રકનો જ ઉપયોગ કરવો, અરજીપત્રકની ઝેરોક્ષ નકલ/ફરીથી પ્રિન્ટ કરેલ અરજીપત્રક/અનઅધિકૃત રીતે છપાયેલાં અરજીપત્રકનો ઉપયોગ કરવો નહિ.

ઉમેદવારોએ એકનૉલેજમેન્ટ કાર્ડની સંબંધિત બાબતો ભરવી તેમજ તેમાં અરજીપત્રક નંબર (૮ ડિજિટ સુધી) અને પરીક્ષાનું નામ દર્શાવવું. એકનૉલેજમેન્ટ કાર્ડ ઉપર રૂા. ૬ની ટપાલ ટિકિટ ચોંટાડવી. અરજીપત્રક અને એકનૉલેજમેન્ટ કાર્ડ યોગ્ય રીતે ભર્યા પછી તે માહિતીપત્રક સાથે આપેલાં ખાસ પરબીડિયાંમાં જ મોકલવાનું રહેશે અને પરબીડિયાં ઉપર પરીક્ષાનું નામ જેમ કે, **"Civil Services (Preliminary) Examination -2010"** એમ દર્શાવી નીચેના સરનામે **તા. ૧-૨-૨૦૧૦ના** રોજ કે તે પહેલાં પહોંચે તે રીતે મોકલી આપવાનું રહેશે.

**Secretary, Union Public Service Commission,**
**Dholpur House, Shahjahan Road,**
**New Delhi - 110 069.**

સરકારી સેવામાં કે સરકારી માલિકીના ઔદ્યોગિક સાહસોમાં કે આવી અન્ય સંસ્થાઓમાં કે ખાનગી સંસ્થામાં ફરજ બજાવતા ઉમેદવારે તેમની અરજી આયોગને સીધી મોકલવાની રહેશે. જો ઉમેદવાર તેમની અરજી તેમના નોકરીદાતા દ્વારા મોકલવા ઈચ્છતા હોય તો ઉમેદવારે ખાતરી કરવાની રહેશે કે અરજી કરવાની છેલ્લી તારીખ પહેલાં તેમની અરજી આયોગને પહોંચી છે કે નહીં.

કાયમી અથવા કામચલાઉ ધોરણે ઉમેદવાર સરકારી સેવામાં હોય અથવા વર્કચાર્જ કર્મચારી-કેઝયુઅલ કર્મચારીઓ સિવાય અથવા રોજમદાર કર્મચારીઓ અથવા જાહેરક્ષેત્રમાં સેવા બજાવતા ઉમેદવારોએ તેમની હેડ ઓફ ઓફિસ/ડિપાર્ટમેન્ટને તેઓ પરીક્ષા માટે અરજી કરે છે તેની જાણ કરવી. જો ઉમેદવારના નોકરીદાતા દ્વારા પરવાનગી ન આપવાની જાણ થાય તો ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**નોંધ-૧ :** ઉમેદવારોએ પરીક્ષાના કેન્દ્રની પસંદગી અરજીપત્રકમાં જણાવતી વખતે ખાસ ચોકસાઈ રાખવી. કોઈપણ સંજોગોમાં કેન્દ્ર દર્શાવતી અલગ અરજી ઉમેદવારે કરી હશે તો તે રદબાતલ કરવામાં આવશે અને જો ઉમેદવાર એક કરતાં વધુ સંપૂર્ણ ભરેલી અરજી મોકલશે છતાં પણ કમિશન ફક્ત એક જ અરજી સ્વીકારશે અને આ બાબતમાં કમિશનનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

કમિશને એડ્મિશન સર્ટિફિકેટમાં દર્શાવ્યા હોય તે સિવાયના પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા આપશે તો તે માન્ય ગણાશે નહીં અને તે ઉમેદવારની ઉમેદવારી રદબાતલ કરવામાં આવશે.

**નોંધ-૨ :** ઉમેદવારે અરજીપત્રક અને એટેન્ડન્ટશિટ ભરતી વખતે ખાસ કાળજી રાખવી અને તે સુવ્યવસ્થિત ભરવાં, કોઈપણ કોલમ ભર્યા વગર કોરૂં છોડવું નહીં. અધૂરી અથવા ખામીવાળી અરજી રદબાતલ કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં ઉમેદવારની ઉમેદવારીના રદબાતલના કિસ્સા અંગે કોઈપણ રજૂઆત કે પત્રવ્યવહાર સ્વીકારવામાં આવશે નહીં.

**ઉમેદવારે ઉંમર, શૈક્ષણિક લાયકાત, અ.જા./અ.જ.જા./અ.પ.વ. અને શા.ખો.ખાં. વગેરે બાબતના પુરાવારૂપે કોઈપણ પ્રમાણપત્રો અરજી સાથે રજૂ કરવાની જરૂર નથી.** ઉમેદવારોએ

ખાતરી કરી લેવી કે તે પોતે પરીક્ષામાં બેસવા માટેની જરૂરી પાત્રતા ધરાવે છે કે કેમ ? જ્યાં સુધી ઉમેદવાર યોગ્યતાની શરતો પરિપૂર્ણ કરે છે તેની સાબિતી ન આપે ત્યાં સુધી ઉમેદવારની પ્રવેશ-લાયકાત પરીક્ષાના કોઈપણ તબક્કે એટલે કે કમિશન દ્વારા લેવાતી લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂ કસોટીના કોઈપણ તબક્કે કામચલાઉ રહેશે. કમિશનને ઉમેદવારની પાત્રતામાં ફેરફાર જણાશે કે યોગ્ય નહીં જણાય તો કોઈપણ તબક્કે એટલે લેખિત પરીક્ષા પહેલાં કે પછી, ઈન્ટરવ્યૂ કસોટી પહેલાં કે તે સમયે ફેરફાર જણાશે તો ઉમેદવારની ઉમેદવારી રદબાતલ કરાશે.

સફળ થનાર ઉમેદવારોને યુ.પી.એસ.સી. દ્વારા ફોર્મ મોકલવામાં આવશે. જેમાં તેમણે વધારાની વિગતો ભરીને મોકલવાની રહેશે. ઉપરોક્ત પ્રમાણપત્રોની નકલો ઉમેદવારોએ પરિણામ પછીની વધારાની વિગતવાળા ફોર્મ સાથે મોકલવાની રહેશે. મૂળ પ્રમાણપત્રો ઈન્ટરવ્યૂ સમયે રજૂ કરવાનાં રહેશે.

### ❑ અરજીપત્રકની પહોંચ :

ઉમેદવારો પાસેથી એકનૉલેજમેન્ટ કાર્ડ સાથેના અરજીપત્રકો પ્રાપ્ત થયા બાદ અરજીપત્રક મળ્યાની રસીદના પ્રતિકરૂપે એકનૉલેજમેન્ટ કાર્ડ ઉપર કમિશન કચેરી દ્વારા મહોર મારીને ઉમેદવારોને પરત કરવામાં આવશે. ઉમેદવારોને એકનૉલેજમેન્ટ કાર્ડ ૩૦ દિવસમાં પ્રાપ્ત ન થાય તો તેમણે અરજીપત્રક નં. (૮ આંકડાઓ સુધી) અને પરીક્ષાનું નામ અને વર્ષ સાથે કમિશનનો સંપર્ક કરવો.

**અગત્યનું :** કમિશન સાથેના બધા પત્રવ્યવહારમાં નીચેની વિગતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧) પરીક્ષાનું નામ અને વર્ષ
(૨) અરજીપત્રક નંબર (૮ આંકડા સુધી)
(૩) રોલ નંબર (જો પ્રાપ્ત થયેલ હોય તો)
(૪) ઉમેદવારનું નામ (પૂરૂં નામ બ્લોક લેટર્સમાં)
(૫) અરજીપત્રકમાં દર્શાવ્યું હોય તે ટપાલનું પૂરૂં સરનામું

**નોંધ :** *ઉપર દર્શાવેલ વિગત વગરના પત્રવ્યવહાર ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.*

### ❑ અરજી પાછી ખેંચવા અંગે :

એકવાર ઉમેદવારે અરજી રજૂ કરી દીધા પછી કોઈપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકાશે નહીં.

કેન્દ્રીય જાહેર સેવા આયોગે તેના કેમ્પસના સી-ગેઈટ નજીક સુવિધા કેન્દ્ર શરૂ કરેલ છે. ઉમેદવારોએ અરજીપત્રક/ ઉમેદવારી સંબંધી વધુ વિગતો/સ્પષ્ટીકરણની જરૂર હોય તો કચેરીના કામકાજના દિવસોમાં ૧૦ થી ૫ કલાક દરમિયાન આ કેન્દ્રનો સંપર્ક કરવો. આ સંપર્ક રૂબરૂમાં અથવા **ફોન નં. ૦૧૧-૨૩૩૮૫૨૭૧, ૨૩૦૯૮૫૪૩, ૨૩૩૮૧૧૨૫** ઉપર કરી શકાય છે.

**નોંધ :** ઉમેદવારોને હેડ પોસ્ટ ઓફિસ/પોસ્ટ ઓફિસોમાંથી અરજીપત્રક/સેન્ટ્રલ રિક્રૂટમેન્ટ ફી સ્ટેમ્પ પ્રાપ્ત કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો ઉમેદવારોએ સંબંધિત પોસ્ટ માસ્તર જનરલ અથવા યુ.પી.એસ.સી.ના સપ્લાઈંગ મોનીટરીંગ સેલનો **ફોન નં. ૦૧૧-૨૩૩૮૯૩૬૬/ફેક્સ નં. ૨૩૩૮૭૩૧૦** ઉપર સંપર્ક કરવો.

**- જોઈન્ટ સેક્રેટરી**

## APPENDIX -1
## SECTION -1
## PLAN OF EXAMINATION

1. The competitive examination comprises two Successive stages.
   (i) Civil Services (Preliminary) Examination (Objective Type) for the selection of candidates for the Main Examination, and
   (ii) Civil Services Main Examination (Written and Interview) for the selection of candidates for the various Services and posts.
2. The Preliminary Examination will consist of two papers of Objective Type (multiple choice questions) and carry a maximum of 450 Marks in the subjects set out in sub-section (A) of Section II. This examination is meant to serve as a screening test only, the marks obtained in the Preliminary Examination by the candidates who are declared qualified for admission to the Main Examination will not be counted for determining their final order of merit. The number of candidates to be admitted to the main Examination will be about twelve to thirteen times the total approximate number of vacancies to be filled in the year in the various Services and posts. Only those candidates who are aclared by the Commission to have qualified in the Preliminary Examination in a year will be eligible for admission to the Main Examination of that year provided they are otherwise eligible for admission to Main Examination.
3. The Main Examination will consist of a written examination and an interview test. The written examination will consist of 9 papers of conventional essay type, in the subjects set out in sub-section (B) of Section II. Also see note (ii) under para 1 of section II (B).

## SECTION - II
## Scheme and Subjects for the Preliminary and Main Examination
### A. PRELIMINARY EXAMINATION

The examination will consist of two papers :

| | | |
|---|---|---|
| Paper-I | General Studies | 150 marks |
| Paper-II | One subject to be selected from the list of optional subjects setout in para 2 below | 300 marks |
| | **Total** | **450 marks** |

**Note :** (i) Both the question papers will be of objective type (multiple choice questions),
(ii) The question papers will be set both in Hindi and English,
(iii) The course content of the syllabi for the optional subjects will be of the degree level.
(iv) Each paper will be of two hours duration. Blind candidates will, however, be allowed an extra time of twenty minutes at each paper.

### B. MAIN EXAMINATION

The written examination will consist of the following papers :

| | | |
|---|---|---|
| Paper-I | One of the Indian Languages to be selected by the candidate from the languages included in the Eighth Schedule to the Constitution | 300 marks |
| Paper-II | English | 300 marks |
| Paper-III | Essay | 200 marks |
| Paper-IV &V | General Studies | 300 marks for each paper |
| Papers-VI VII, VIII & IX | Any two subjects to be selected from the list of the optional subjects paper set out in para 2 below. Each subject will have two papers. | 300 marks for each paper |

**Interview test will carry 300 marks.**

**List of Optional Subjects For Main Examination**: Agriculture, Animal Husbandry & Veterinary Science, Anthropology, Botany, Chemistry, Civil Engineering, Commerce & Accountancy, Economics, Electrical Engineering, Geography, Geology, History, Law, Management, Mathematics, Mechanical Engineering, Medical Science, Philosophy, Physics, Political Science & International Relations, Psychology, Public Administration, Sociology, Statistics, Zoology.

**Literature of one of the following languages: -** Arabic, Assamese, Bengali, Chinese, English, French German, Gujarati, Hindi, Kannada, Kashmiri, Konkani, Malayalam, Manipuri, Marathi, Nepali, Oriya, Pali, Persian, Punjabi, Russian, Sanskrit, Sindhi, Tamil, Telugu, Urdu.

**Note**:

**(i)** Candidates will not be allowed to offer the following combination of subjects :
- **(a)** Political Science & International Relations and Public Administration;
- **(b)** Commerce and Accountancy and Management,
- **(c)** Anthropology and Sociology,
- **(d)** Mathematics and Statistics;
- **(e)** Agriculture and Animal Husbandry & Veterinary Science
- **(f)** Management and Public Administration
- **(g)** of the Engineering subjects viz. Civil Engineering, Electrical Engineering and Mechanical Engineering not more than one subject,
- **(h)** Animal Husbandry & Veterinary Science and Medical Science.

**(ii)** The question papers for the examination will be of conventional (essay) type.

**(iii)** Each paper will be of three hours duration. Blind candidates will, however, be allowed an extra time of thirty minutes at each paper.

**(iv)** Candidates will have the option to answer all the question papers, except the language papers viz papers I & II above, in any one of the languages included in the Eighth schedule to The Constitution or in English.

**(v)** Candidates exercising the option to answer papers III to IX in any one of the languages included in the Eighth Schedule to the Constitution may, if they so desire, give English version within brackets of only the description to the of the technical terms, if any in addition to the version in the language opted by them,

♦ Candidates should, however note that if they misuse the above rule, a deduction will be made on this account from the total marks otherwise accruing to them and in extreme cases, their script(s) will not be valued for being in an unauthorised medium.

**(vi)** The question papers other than the Language Papers will be set both in Hindi and English.

**General Instructions (Preliminary as well as Main Examination) :**

♦ Candidates must write the papers in their own hand. In no circumstances will they be allowed the help of a scribe to write the answers for them, However, blind candidates will be allowed to write the examination with the help of a scribe. ➲

**Interview Test :**

The candidate will be interviewed by a Board who will have before them a record of this career. He will be asked questions on matters of general interest. The object of the interview is to assess the personal suitability of the candidate for a career in public service by a Board of competent an unbiased observers. The test is intended to judge the mental caliber of a candidate. In broad terms this is really an assessment of not only his intellectual qualities but also social traits and his interest incurrent affairs. Some of the qualities to be judged are mental alertness, critical powers of assimilation, clear and logical exposition, balance or judgement, variety and depth of interest, ability for social cohesion and leadership, intellectual and morale integrity.

- The application form must be filled in by the candidates in their own handwriting. Since this form will be processed on computerised **machines, candidates should** exercise due care in handling and filling up the application form. **They should use HB pencil only to darken circles. For writing in boxes, they should use blue or black pen.**
- Since the entries made by the candidates by darkening the circles will be taken into account while processing the applications on computerised machines, they should make these entries very carefully and accurately. Entries in the boxes are meant for confirmatory purposes and these should also, therefore, be made correctly. There should be no variation between the entries made by the candidate by darkening the circles and those written in the accompanying boxes.
- In case of any variation between the entries made by the Candidates in the boxes and the accompanying circle, the entries in the boxes will be treates as authentic and final
- Candidates should ensure that the signatures appended by them in all the places viz. in their application form, Attendance List etc. and in all the correspondence with the Commission, should be identical and there should be no variation of any kind. If any variation is found in the signatures appended by him at different places, his candidature will be liable to be cancelled by the Commission.
- No change in the entries made in original application form will be allowed under any circumstances.
- The candidates are advised in their own interest to **ensure that the applications reach the Commission's Office on or before the closing date**. Applications received in the Commission's Office after the closing date will not be considered.
- While filling in his application form, the candidate should carefully decide about his choice for the centre and optional subject for the examination. More than one application from a candidate giving different centres and/or optional subjects will not be accepted in any case. Even if a candidate sends more than one completed application, the Commission will accept only one application at their discretion and the Commission's decision in the matter shall be final.
- **On the Acknowledgement Card**, the candidates should **write** their **application form No.** (as printed below the bar code on the form) **and** the **name of examination** viz. **"Civil Services (Preliminary) Examination, 2010".** They should also write clearly and legibly their mailing address on the Acknowledgement Card. A postage stamp of Rs. 6/- should be affixed on the card. **The Acknowledgement Card should not be stapled or pinned or tagged or pasted with the Application Form**.

**Eligibility Conditions (in brief)**

(i) **Age limits** :

Prescribed age-limits are 21-30 years as on 1st August, 2010 for all the services/posts (Upper age limit relaxable for SCs/Sts, OBCs and certain other categories as specified in Para 3(ii) of Notice).

(ii) **Educational Qualifications** :

Degree of a recognised University or equivalent. (Para 3(iii) of Notice).

(iii) **No. of permissible attempts** :

Four (Seven attempts for OBCs and P.H. Candidates belonging to General Category and no limit for SCs/STs (Para 3 (iv) of Notice).

(iv) **Fee** :

Rs. 50/- (Rupees fifty only) (No fee for Females/SCs/STs/ Physically disabled only).

**Instructions to candidates for filling up the Application Form for the Civil Services (Preliminary) Examination, 2010.**

**Side 1 of Application Form**

**Column 1** : **Examination for which applying**

Darken the circle against "CSP", in the box pertaining to Name of examination, write CSP starting from the first box on the left. Also write 2010 in the boxes meant for year of examination. Candidates are advised to ensure that the name of Examination viz. CSP is correctly written by them in the box. Any error in this regard may result in rejection of their application form.

**Column 2** : **Fee** :

If you have paid the requisite fee of **Rs. 50/- (Rupees fifty only),** darken circle 1 and write 1 in the box; or

If you have not paid the fee and are claiming fee remission as Female, SC, ST or Physically disabled, darken circle 2 and write 2 in the box.

N.B. : Fee is payable only in the form of Central Recruitment Fee Stamp, as per instructions against Column 12.

**Column 3** : **(I) Whether Physically Handicapped?**

If you are not a physically handicapped person, darken circle 1 for No and write 1 in the box; or

If you are a physically handicapped person, darken circle 2 for yes and write 2 in the box.

(II) If yes, indicate category

Fill up this Column only if your answer to Column 3(I) is yes.

If you are Orthopaedically handicapped, darken circle 1 and write 1 in the box; or

If you are Blind, darken circle 2 and write 2 in the box; or

If you are Deaf-Mute, darken circle 3 and write 3 in the box.

**Column 4** : **Community**

If you belong to SC, darken circle 1 and write 1 in the box; or

If you belong to ST, darken circle 2 and write 2 in the box; or

If you belong to OBC, darken circle 3 and write 3 in the box; or

If you belong to General Category (Others), darken circle 4 and write 4 in the box.

**Note 1** : Candidates belonging to OBCs but coming in the Creamy Layer and thus not being entitled to OBC reservation should indicate their community as General Category (Others) Code No. 4".

**Note 2** : Candidates belonging to neither SC, ST, nor OBC communities should write Code No. 4 (General Category) against the Column for Community and not leave it blank.

**Note 3** : No change in the community status indicated by a candidate in his/her application form for the Preliminary Examination will ordinarily be allowed by the Commission at a subsequent stage.

**Column 5** : **Sex**

If you are Male, darken circle 1 and write 1 in the box; or

If you are Female, darken circle 2 and write 2 in the box;

**Column 6** : **Nationality**

If you are an Indian national, darken circle 1 and write 1 in the box; or

If you are not an Indian national, darken circle 2 and write 2 in the box.

**Column 7** : **Name of the candidat**e

For filling up this column, first write in the boxes your full name (in English) in capital letters exactly as recorded in your Matriculation/ High School/Secondary or equivalent examination certificate. Write a single letter in a box. Leave a box blank between any two parts of the name. Then darken the corresponding circle below each letter. Do not darken a circle below a blank box. Do not overshoot the boxes. Abbreviate name only if necessary. Do not use any prefix such as Shri, Kum., Dr. etc with your name.

**Column 8** : **Date of Birth**

Darken the appropriate circles for the day, month and year of your birth as recorded in your Matriculation/High School/Secondary or equivalent examination certificate. Then write in the boxes using numerals 01 to 31 for day; numerals 01 to 12 for month and the last two digits for the year of birth.

**Column 9** : **Father's Name**

Write your father's name (in English) in capital letters. Write a single letter in each box. Leave a box blank between any two parts of the name. Do not use any prefix such as Shri, Dr, etc.

**Column 10** : **Address**

Write your complete mailing address including your name in English capital letters or Hindi within the box provided for the purpose. Also write the PIN Code therein. Write with blue or black ball pen only. Do not write outside the box. Please note that this address will be photocopied as such in all letters to be sent to you and therefore, it should be very clearly and legibly written. If you make any mistake in writing the address, cover the whole box with an exact sized white paper slip and rewrite your address on that.

**Column 11** : **Photograph**

Paste firmly in the space provided your recent photograph of 4 cm. x 5 cm. size (preferably in black & white). Do not staple the photograph. Photograph should neither be signed by you nor it should be got attested.

**Column 12** : **Space for CRF Stamp**

Fee to be paid for the Civil Services (Preliminary) Examination is Rs. 50/- (Rupees fifty only). Female/SC/ST and Physically Handicapped candidates are not required to pay any fee. No fee exemption is however available to OBC candidates and they are required to pay the prescribed full fee.

Fee is payable only through Central Recruitment Fee Stamp (Not postage stamps). No other mode of payment is acceptable. Obtain only one single CRF Stamp of Rs. 50/- denomination from the post office and paste it firmly within the box. After pasting the CRF Stamp on the form, get it cancelled from the post office of purchase in the space provided. Do not staple the CRF Stamp.

**Side 2 of Application Form**

**Column 13 : (I) Are you residing in a remote area or abroad**

If you are residing in a remote area specified in Para 6 of the Notice of the Examination or abroad, darken circle 1 against Yes and write 1 in the box; or

If you are not residing in a specified remote area/abroad, darken circle 2 against No and write 2 in the box.

**Column 14** : **Examination Centre Code**

Choose the Examination Centre from the list given below where you wish to appear and its code. Darken the appropriate circles and then write the same code in the boxes. Do not indicate more than one Centre.

**List of centres of Examination**

| Centre | Code | Centre | Code | Centre | Code |
|---|---|---|---|---|---|
| Agartala | 45 | Gangtok | 42 | Panaji ( Goa ) | 36 |
| Ahmedabad | 01 | Hyderabad | 10 | Patna | 15 |
| Aizawl | 47 | Imphal | 44 | Puducherry | 20 |
| Aligarh | 21 | Itanagar | 48 | Port Blair | 37 |
| Allahabad | 02 | Jaipur | 11 | Raipur | 49 |
| Aurangabad | 38 | Jammu | 34 | Ranchi | 41 |
| Bangalore | 03 | Jodhpur | 22 | Sambalpur | 53 |
| Bareilly | 54 | Jorhat | 46 | Shillong | 16 |
| Bhopal | 04 | Kochi | 24 | Shimla | 17 |
| Chandigarh | 35 | Kohima | 43 | Srinagar | 18 |
| Chennai | 12 | Kolkata | 06 | Thiruvananthapuram | 19 |
| Cuttack | 07 | Lucknow | 26 | Tirupati | 50 |
| Dehradun | 14 | Madurai | 40 | Udaipur | 52 |
| Delhi | 08 | Mumbai | 05 | Vishakhapatnam | 51 |
| Dharwad | 39 | Nagpur | 13 | | |
| Dispur | 09 | | | | |

**Column 15** : **Educational Qualification Code**

Codes prescribed for educational qualification are as follows :

**Code Educational qualification**

01 If you have already passed the degree or equivalent Examination;

02 If you have appeared/appearing at the degree or equivalent Examination;

Choose the correct code applicable in your case and darken the appropriate circles. Write the same code in the boxes.

**Column 16** : **(I) Whether claiming age relaxation**

If you are claiming age relaxation, darken circle 1 for Yes and write 1 in the box; or

If you are not claiming age relaxation, darken circle 2 for No and write 2 in the box.

**(II) If Yes, indicate category code**

Fill up this Column only if your response to Column 16(I) is Yes.

Darken the appropriate circles for category code given below and then write the same code in the boxes.

**Category - Codes for Claiming Age Relaxation**

(Refer Para 3(ii) (b) of Notice. )

| Code No. | Category | Extent of Age Relaxation Permissible |
|---|---|---|
| 01 | SC and ST | 5 years |
| 02 | OBC | 3 years |
| 03 | Blind, deaf-mute and Orthopaedically handicapped persons. | 10 years |
| 04 | Blind, deaf-mute and Orthopaedically handicapped persons+ SC/ST | 15 years |
| 05 | Blind, deaf-mute and Orthopaedically handicapped persons+ OBC | 13 years |
| 06 | Defence Services Personnel disabled in operations during hostilities with any foreign country or in a disturbed area and released as a consequence thereof. | 3 years |
| 07 | Defence Services Personnel (as against Code No. 06) + SC/ST | 8 years |
| 08 | Defence Services Personnel (as against Code No. 06) + OBC | 6 years |
| 09 | Ex-Servicemen including Commissioned Officers and ECOs/ SSCOs who have rendered at least five years Military Service as on 1st August, 2010 and have been released (i) on completion of assign-ment (including those whose assignment is due to be completed within one year from 1st August, 2010) otherwise than by way of dismissal or discharge on account of misconduct or inefficiency; or (ii) on account of physical disability attributable to Military Service; or (iii) on invalidment. | 5 years |
| 10 | Ex-Servicemen including Commissioned officers and ECOs/SSCOs(as against Code No. 09) + SC/ST | 10 years |
| 11 | Ex-Servicemen including Commissioned officers and ECOs/SSCOs(as against Code No. 09) + OBC | 8 years |
| 12 | ECOs/SSCOs who have completed an initial period of assignment of five years of Military Service as on 1st August, 2010 and whose assignment has been extended beyond five years and in whose case the Ministry of Defence issues a certificate that they can apply for civil employment and that they will be released on three months notice on selection from the date of receipt of offer of appointment. | 5 years |
| 13 | ECOs/SSCOs (as against Code No. 12) + SC/ST | 10 years |
| 14 | ECOs/SSCOs (as against Code No. 12) + OBC | 8 years |

**Columns 17 to 18** :

Candidates applying for the Civil Services (Preliminary) Examination are not required to fill any of these columns. They should, therefore, leave these columns blank.

**Column 19** : **Civil Services (Preliminary) Examination**.

**(I) Optional subject**

Choose any one optional subject from the list given below and see its code. Darken the appropriate circles and then write the same code in the box. Do not indicate more than one optional subject.

**List of Optional Subjects**

| Subject | Code | Subject | Code |
|---|---|---|---|
| Agriculture | 01 | Mechanical Engineering | 13 |
| Botany | 02 | Philosophy | 14 |
| Chemistry | 03 | Physics | 15 |
| Civil Engineering | 04 | Political Science | 16 |
| Commerce | 05 | Psychology | 17 |
| Economics | 06 | Sociology | 18 |
| Electrical Engineering | 07 | Zoology | 19 |
| Geography | 08 | Statistics | 20 |
| Geology | 09 | Animal Husbandry &Veterinary Science | 21 |
| Indian History | 10 | Law | 11 |
| Public Administration | 22 | Mathematics | 12 |
| Medical Science | 23 | | |

**(II) No. of attempts already made**

Write the number of attempts already made by you in the Civil Services (Preliminary) Examination in the boxes and darken the appropriate circles. If no attempt has been made by you earlier, darken circles '00' and write '00' in the boxes.

**Columns 20 to 22** :

Candidates appearing for the Civil Services (Preliminary) Examination are not required to fill any of these columns. They should, therefore, leave these Columns blank.

**Column 23** : **Declaration**

The candidate must read the declaration carefully before signing. In Sub-para (i), the candidates must fill up the Examination Notice number viz. 04/2010 and date of publication of Notice in Employment News/Rozgar Samachar viz., 02.01.2010 in the spaces provided before the asterisk marks.

**Column 24** : **Signature of candidate**

Make your usual signature in blue or black ball pen within the box provided. Your signature must not overflow or touch the border of the box provided. Do not merely write your name in capital letters in place of signature. Unsigned applications will be rejected.

Also write the place and date of signing the form in the spaces provided for the purpose.

**Appendix III**

**List of Head Post Offices / Post Offices where UPSC application forms are available**

**Gujarat Circle:** Gandhinagar, Ahmedabad, Amreli, Anand, Bharuch, Bhavnagar, Bhuj, Dahod, Godhra, Himatnagar, Jamnagar, Junagadh, Kheda, Mehesana, Navrangpura, Navsari, Palanpur, Patan, Porbandar, Rajkot, Revdi Bazar, Surat, Surendranager, Valsad, Vadodara. ●

**પરીક્ષા વિશે અને વિવિધ પેપરોના અભ્યાસક્રમની વિસ્તૃત જાણકારી માટે નવી દિલ્હીથી પ્રસિદ્ધ થયેલ તા. ૨-૦૧-૨૦૧૦નું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ અથવા યુ.પી.એસ.સી.ની વેબસાઈટ http://www.upsc.gov.in જોવા ભલામણ છે.**

## ગ્રૂપ કૌશલ્ય સહાયકની ભરતી

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મોડાસા, મેઘરજ, બાયડ, ભિલોડા અને સૂચિત ધનસુરા ખાતે ૧૧ માસના કરારના ધોરણે કૌશલ્ય સહાયક ફીક્સ વેતન રૂા. ૩૫૦૦/- અને ગ્રૂપ કૌશલ્ય સહાયક (કોમ્પ્યુટર) ફિક્સ વેતન રૂા. ૪૫૦૦/-થી નીચેની જગ્યાઓ ભરવા ડિપ્લોમાવાળા માટે ત્રણ વર્ષનો ફિલ્ડ અનુભવવાળા ઉમેદવારો પાસેથી **તારીખ : ૩૧-૦૧-૨૦૧૦** સુધી અરજી મંગાવવામાં આવે છે. કોમ્પ્યુટર ગ્રૂપ માટે ૩/૬ માસના કરારની જગા માટે અલગ અરજી કરી અરજીના મથાળે ''૩/૬ માસના કરારની જગા માટે'' તેમ સ્પષ્ટ દર્શાવવું. અનામત જાતિના ઉમેદવારો ન મળે તો અન્ય જાતીથી જગાઓ ભરવામાં આવશે.

| જગાનું નામ | જાતિ વાઈઝ ભરવાની વિગત | | | | | | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|---|---|---|
| | SC | ST | OBC | GN | PH | કુલ | |
| કૌ. સ. મીકેનીકલ | ૦ | ૩ | ૧ | ૪ | ૧ | ૯ | ડિગ્રી અથવા ડિપ્લોમાં ઈન મીકેનીક એન્જી./પ્રોડકશન એન્જી. |
| કૌ. સ. ઈલેક્ટ્રીકલ | ૦ | ૧ | ૧ | ૧ | ૦ | ૩ | ડીગ્રી અથવા ડિપ્લોમાં ઈન ઈલેક્ટ્રીક એન્જી./પાવર એન્જી. |
| કૌ. સ. ઓટો | ૧ | ૧ | ૩ | ૧ | ૦ | ૬ | ડિગ્રી અથવા ડિપ્લોમાં ઈન ઓટોમાબાઈલ એન્જી./ટ્રાન્સપોર્ટેશન એન્જી. |
| કૌ. સ. કેમીકલ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ડિગ્રી અથવા ડિપ્લોમાં ઈન કેમીકલ એન્જી. |
| કૌ. સ. પ્લાસ્ટીક | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ડિગ્રી અથવા ડિપ્લોમાં ઈન પ્લાસ્ટીક એન્જી. |
| કૌ. સ. સિવિલ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ડિગ્રી અથવા ડિપ્લોમાં ઈન સિવિલ એન્જી. આર્કીટેકચરલ એન્જી. |
| કૌ. સ. હેર સ્કીન કેર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ | ડિગ્રી અથવા ડિપ્લોમાં ઈન બ્યુટીશીયન (ટેકનીકલ એજ્યુ. બોર્ડ પેટર્ન/હોમસાયન્સ |
| ગ્રૂપ કૌ. સ. કોમ્પ્યુ. | ૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૫ | ડિગ્રી અથવા ડિપ્લોમાં ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન/કોમ્પ્યુટર સાયન્સ/કોમ્પ્યુટર ટેકનોલોજી/કોમ્પ્યુટર એન્જી. |
| ગ્રૂપ કૌ. સ. કોમ્પ્યુ. ૩/૬ માસ કરાર | ૧ | ૧ | ૧ | ૨ | ૦ | ૫ | |

**આચાર્ય** ●

# શિક્ષિત બેરોજગારીનો એક વિશેષ વિકલ્પ : સ્વરોજગારી

*-- આર. એન. કોટક*

### ■ ઉદ્યોગધંધા અને સ્વરોજગારી

ગુજરાતની પ્રજા માટે એવી માન્યતા છે કે જો નાનો મોટો ધંધા ઉદ્યોગ રોજગાર મળી જાય તો તેઓ ગમે તેવો મોટો જોબ લેવાનું પસંદ કરતા નથી. આ માન્યતા અંશતઃ સાચી હશે પણ જાહેર અને કોર્પોરેટ ક્ષેત્રની જોબમાં જે અસંખ્ય ગુજરાતીઓ જોવા મળે છે. અલબત ગુજરાતની ખડતલ અને સાહસિક પ્રજા કૃષિકાર અને ધંધાર્થી વધુ છે અને જો તક મળે તો વિદેશ વ્યાપારઉદ્યોગમાં પણ ઝંપલાવે છે. તેથી ગુજ્જુ અભ્યાસીઓને સ્વરોજગારીનો એક વિશેષ વિકલ્પ પણ ઉપલબ્ધ છે, જો તેઓની તૈયારી સખત ખંત મહેનત અને યોગ્ય આયોજનની હોય. કેમકે હાલના સમયમાં ધંધા રોજગાર માટે મૂડી કે ઈન્ફ્રાસ્ટ્રકચરની તંગી નથી અને તેના માટેની અઢળક સવલતો પણ ઉપલબ્ધ છે. આવો આ એક સારા Option સંક્ષિપ્તમાં વિગતો મેળવીએ.

### ■ સ્વરોજગારી આયોજન અને પ્રક્રિયા :

ધોરણ ૧૦-૧૨ ડિપ્લોમા સ્નાતક થતાં વિદ્યાર્થીના મુખ્ય બે ધ્યેય હોય છે. ઉચ્ચ અભ્યાસ અને ઉજ્જવળ કારકિર્દી આ ધ્યેયમાં સારી જોબ કે વારસાગત-અનુભવજન્ય સ્વરોજગારી પણ હોઈ શકે છે. ઘણા વિદ્યાર્થીઓ ખાસ કરીને સાયન્સ ટેનોલોજી કે મેનેજમેન્ટ ક્ષેત્રના અનુભવ બાદ સ્વરોજગારી તરફ વળતા હોય છે. આ સ્વરોજગારી એટલે મોટા ધંધા ઉદ્યોગ નહી પણ નાના પાયે શરૂઆત કરીને પ્રગતિશીલ એન્ટરપ્રાઈઝ કે એન્ટરપ્રિનીયોરશીપ છે. આ કાર્યમાં આયોજનનું ખૂબ મહત્વ છે. સહાયક પરિબળો જેવા કે સલાહ, માર્ગદર્શન, પરામર્શ, નાણાંકીય સહાય, રાહતો, ખાસ લાભ ઈત્યાદિનો વિચાર કરવો પડે છે. તેમાં ખાસ પ્રશિક્ષણ પણ મહત્વનો ભાગ ભજવી શકે છે. જો કે આ માટે હવે કેન્દ્ર, રાજ્ય સરકાર અને નેશનલ બોડીઝ દ્વારા સવલતો થાય છે. અને તેના આધારે આયોજનબધ્ધ પ્રક્રિયા હાથ ધરવામાં આવે તો સ્વરોજગારીનું ક્ષેત્ર પણ શ્રેષ્ઠ જોબ જેટલું વળતરદાયક છે.

> જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો (DIC) તરફથી બે લોકપ્રિય ધિરાણ યોજના બેંકના સહકારથી અમલમાં છે (૧) બેંકેબલ યોજના (૨) વડાપ્રધાન રોજગાર યોજના (PMRY) આ બંન્ને યોજનામાં S.S.C. થી સ્નાતકો લોન માટે અરજપાત્ર છે. જેમાં વ્યાપાર, ઉદ્યોગ તથા સેવાના ૧૭ જેટલા વિભાગોના ૨૮૫ ઉપરાંતના 'પ્રોજેક્ટ પ્રોફાઈલ્સ' નિયત કરાયા છે.

### ■ સ્વરોજગારી પ્રશિક્ષણ અને લોન ધિરાણ સહાય :

કહેવાય છે કે, ઉદ્યોગ સાહસિક જન્મતા નથી પણ બનાવાય છે. આ ઉક્ત દરેક ક્ષેત્રને લાગુ પડે છે. દા. ત. કલાકાર, ક્રિકેટર, ટીચર, પાઈલોટ વિગેરે અગાઉના વર્ષોમાં સંગઠિત તાલિમનો અભાવ હતો. તેથી સ્વરોજગારી તાલીમ વારસાગત કે કાર્યાનુભવરૂપે આધારભૂત ગણાતો પણ હવે આ ક્ષેત્ર વૈશ્વિક અને સ્પર્ધાયુક્ત થયેલ છે. તેથી આયોજનબધ્ધ તાલીમ કે પ્રશિક્ષણ જરૂરી બનેલ છે. ધંધા રોજગારની પાયાની શૈક્ષણિક જાણકારી સામાન્ય પ્રકારની વ્યકિતગત કુટુંબ સમાજ તથા શૈક્ષણિક સંસ્થાઓમાંથી પ્રાપ્ય થાય છે. પણ હવે દેશ અને રાજ્યમાં આ માટેની અનેક સરકારી કોર્પોરેટ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ ખાસ કાર્યરત થઈ શકે છે જે આ પ્રમાણે છે.

(૧) એન્ટરપ્રિનીયોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (EDI) પો. ભાટ વાયા ઈન્દીરા બ્રિજ, (અમદાવાદ) જિ. ગાંધીનગર 382428 ફોન (079) 23969161વેબસાઈટ www.ediindia.org.

(૨) સેન્ટર ફોર સેન્ટર પ્રિનીયોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (CED), 9, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-382011 ફોન (079) 22328913 વેબસાઈટ www.ced.gov.in. આ સંસ્થાની બ્રાન્ચ રાજકોટ, વડોદરા વિગેરે જગ્યાઓ ઉપર છે. રાજ્યની યુનિવર્સિટીઓ સાથે એકેડેમિક જોડાણ થયેલ છે.

(૩) સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ સર્વીસ ઈન્સ્ટિટ્યુટ (SISI), હરસિધ્ધ ચેમ્બર્સ, આશ્રમ રોડ, ઈન્કમટેક્ષ પાસે, અમદાવાદ-૯ ફોન (079) 27543147 શાખા રાજકોટ ખાતે છે.

(૪) ઈન્ડેક્ષ B ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ફોન (079) 23232228.

(૫) ઈન્ડેક્ષ C, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર,

(૬) દરેક જિલ્લાના DICC જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો હવે રોકાણ સુવિધા કેન્દ્રો થશે.

(૭) કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગ કચેરી, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.

(૮) વિવિધ પ્રકાર/ગ્રૂપ મુજબના સહાયક વિકાસ નિગમો દા. ત. મહિલા આર્થિક વિકાસ નિગમ.

(૯) રાષ્ટ્રીયકૃત બેંકો

(૧૦) શિડ્યુલ્ડ અને સહકારી બેંકો

(૧૧) ડાયમંડ જ્યુબીલી કોટેજ ઈન્ડસ્ટ્રીઝ ઈન્સ્ટિટ્યુટ, નહેરૂમાર્ગ, મોતીબાગ પેલેસ, વડોદરા

(૧૨) ગ્રામ ટેકનોલોજી સંસ્થા, સેક્ટર-૧૨, ઘ-જ પાસે, ગાંધીનગર--૧૬ ફોન (079) 23222331

(૧૩) હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ, સેક્ટર-૧૨, ગાંધીનગર.

(૧૪) કેન્દ્રીય કાચ અને ચિનાઈ માટીકામ તાલીમ કેન્દ્ર, નરોડા G.I.D.C.168, અમદાવાદ.

(૧૫) ઈન્ડીયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટ (EDI) કતારગામ G.I.D.C., સુરત ફોન (0261) 2480800.

(૧૬) પ્લાસ્ટીક ઈજનેરી ટેકનોલોજી તાલીમ સંસ્થા (CIPET) વટવા G.I.D.C., અમદાવાદ.

(૧૭) ઈન્ડો જર્મન મશીન ટુલ્સ તાલીમ સંસ્થા, નરોડા અમદાવાદ

(૧૮) NISC ભાવનગર રોડ, રાજકોટ. ઈત્યાદિ.

વ્યકિતગત ધંધારોજગાર ઉદ્યોગની સાહસિકતા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો (DIC) તરફથી બે લોકપ્રિય ધિરાણ યોજના બેંકના સહકારથી અમલમાં છે (૧) બેંકેબલ યોજના (૨) વડાપ્રધાન રોજગાર યોજના (PMRY) આ બંન્ને યોજનામાં S.S.C. થી સ્નાતકો લોન માટે અરજપાત્ર છે. જેમાં વ્યાપાર, ઉદ્યોગ તથા સેવાના ૧૭ જેટલા વિભાગોના ૨૮૫ ઉપરાંતના પ્રોજેક્ટ પ્રોફાઈલ્સ' નિયત કરાયા છે. જે પૈકી ધોરણ ૧૦ થી સ્નાતક ઉમેદવાર પોતાની ચોઈસ, યોગ્યતા, અનુભવ, પ્રશિક્ષણના આધારે લોન તથા સબસીડી રાહત મેળવી ખાસ ચોઈસ મુજબ વ્યવસાય શરૂ કરી શકે છે. આ પ્રક્રિયા સરકારી, સરળ, અને પારદર્શક હોય છે. રાષ્ટ્રીયકૃત બેંકો અને સહકારી શિડ્યુલ્ડ બેંકો પણ સ્થાનિક ધિરાણની નાનીમોટી સવલત આપે છે.

### ■ સ્પર્ધાત્મક જોબ માર્કેટના માહોલમાં સ્વરોજગારી શ્રેષ્ઠ વિકલ્પ :

ઉદ્યોગ સાહસિકતા અને સ્વરોજગાર માટેના માહોલમાં આટલી બધી પ્રશિક્ષણ લોન સહાયની સુવિધામાં પ્રાપ્ય છે. તેથી S.S.C. થી સ્નાતકો યુવાનોએ 'ઉદ્યોગ સાહસિકતા' નો મંત્ર લઈ નજીવી નોકરીને બદલે લઘુ સ્વરોજગારીથી પ્રારંભ સારી રીતે કરી અનેકના રોજગારદાતા બનવા પ્રગતિના માર્ગ તરફ પહેલવૃત્તી, ખંત, કૌશલ્ય, સહકાર સૂઝ, હિંમતથી સ્વરોજગારીના માર્ગે પ્રયાણ કરવા કટિબધ્ધ થવું જોઈએ. ●

## ભારતીય હવાઈ દળ

# ગ્રુપ 'X' (ટેક્નિકલ) અને ગ્રુપ 'Y' ટ્રેડસમાં એરમેનની ભરતી માટે ભૂજ ખાતે ભરતી મેળો

❑ **ભરતી મેળાની તારીખ : ૨૮-૧-૨૦૧૦ થી તા. ૨-૨-૨૦૧૦**

❑ **ભરતી મેળાનું સ્થળ :** સરકારી પોલીટેકનિક, હીલગાર્ડન સામે, એરપોર્ટ રોડ, ભૂજ (કચ્છ)

❑ **શૈક્ષણિક લાયકાત :**

➢ **ગ્રુપ 'X' (ટેક્નિકલ) ટ્રેડસ :** ઉમેદવારે ઈન્ટરમિડિયેટ/૧૦+૨ પરીક્ષા મેથેમેટિક્સ અને ફિઝિક્સ સાથે એકંદર ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ. અથવા સરકાર માન્ય પોલિટેક્નિક સંસ્થામાંથી ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે મિકેનિકલ/ઈલેક્ટ્રિકલ/ઈલેક્ટ્રોનિક્સ/ઓટો મોબાઈલ/ કોમ્પ્યુટર સાયન્સ/ઈન્સ્ટ્રુમેન્ટેશન ટેકનોલોજી/આઈ.ટી. પૈકી કોઈ એક શાખામાં ત્રણ વર્ષનો ડિપ્લોમા ધરાવતા હોવા જોઈએ.

➢ **ગ્રુપ 'Y' ટ્રેડસ :** ઉમેદવારે સી.બી.એસ.ઈ./રાજ્ય પરીક્ષા બોર્ડ/ કાઉન્સિલ દ્વારા માન્ય ઈન્ટર મિડિયેટ/૧૦+૨ પરીક્ષા સાયન્સ/આર્ટસ/ કોમર્સના વિષયો સાથે અથવા તેને સમકક્ષ વોકેશનલ વિષયો સાથે એકંદર ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ. (ઓટો ટેક/જીટીઆઈ/આઈએએફ (પી) સીવાય)

❑ **ભરતીનો કાર્યક્રમ :** ગુજરાતના તમામ જિલ્લા તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ, દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારના ઉમેદવારો ભરતી મેળામાં ભાગ લઈ શકશે.

| | |
|---|---|
| ➢ ગ્રુપ 'X' (ટેક્નિકલ) | **તા. ૨૮-૧-૨૦૧૦ :** લેખિત પરીક્ષા અને શારીરિક સુસજ્જતા કસોટી. (PFT) |
| ટ્રેડ માટે : | **તા. ૨૯-૧-૨૦૧૦ :** ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ. |
| ➢ ગ્રુપ 'Y' | **તા. ૩૦-૧-૨૦૧૦ :** લેખિત પરીક્ષા અને |
| ટ્રેડ માટે : | શારીરિક સુસજ્જતા કસોટી. (PFT) |
| | **તા. ૩૧-૧-૨૦૧૦ :** ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષણ. |

**નોંધ : આ ભરતી અધિકારીઓ/પાયલોટો/નેવીગેટરો માટે નથી.**

❑ **વયમર્યાદા :** બંને ટ્રેડ માટે ઉમેદવાર તા. ૧-૧-૧૯૮૯ અને તા. ૩૧-૩-૧૯૯૩ વચ્ચે જન્મેલા હોવા જોઈએ (બંને દિવસો સહિત)

❑ **તબીબી ધોરણ (માપદંડ) : ઊંચાઈ :** ઓછામાં ઓછી ઊંચાઈ ૧૫૨.૫ સે.મી. હોવી જોઈએ. **છાતી :** છાતીનો ફૂલાવો ઓછામાં ઓછો પાંચ સે.મી. હોવો જોઈએ. **દૃષ્ટિ :** ઓછામાં ઓછું દૃષ્ટિનું ધોરણ ચશ્મા વિના ૬/૩૬, ચશ્મા સાથે બંને આંખો વડે સુધારેલી દૃષ્ટિ ૬/૯ હોવી જોઈએ. ડાયોપ્ટેક્ટ્રીક પાવર ± ૩.૫ થી વધતો ન હોવો જોઈએ. રંગ અંધત્વ ધરાવતા ન હોવા જોઈએ. ઉમેદવારે દૃષ્ટિ અંગેનું છેલ્લામાં છેલ્લું પ્રીસ્ક્રીપ્શન અને જો નિયમિત ચશ્મા પહેરતા હોય તો તે પણ સાથે લઈને આવવું.

➢ દૃષ્ટિ સુધારવા માટેની સર્જરી કરાવેલી ન હોવી જોઈએ.

➢ **શ્રવણશક્તિ :** ઉમેદવાર સામાન્ય શ્રવણશક્તિ ધરાવતા હોવા જોઈએ. એટલે કે, છ મીટરથી વધુના અંતરનો અવાજ સ્પષ્ટ સાંભળી શકતી હોવી જોઈએ.

➢ **દાંત :** ઉમેદવાર સ્વસ્થ દાંત, દાંતની પૂરતી સંખ્યા તથા ઓછામાં ઓછા ૧૪ ડેન્ટલ પોઈન્ટ ધરાવતા હોવા જોઈએ.

➢ **સ્વાસ્થ્ય :** ઉમેદવાર કોઈપણ પ્રકારની તબીબી અથવા સર્જીકલ ખામીથી મુક્ત હોવા જોઈએ. તેઓ કોઈપણ પ્રકારના ચેપી રોગ અને ચામડીને લગતા રોગ ધરાવતા ન હોવા જોઈએ. ઉમેદવાર વિશ્વના કોઈપણ ભાગમાં પ્રવર્તતા વાતાવરણ અને સ્થાનિક હવામાનમાં કામ કરી શકવા શારીરિક અને માનસિક રીતે સમર્થ હોવા જોઈએ.

➢ જે ઉમેદવારોને કોઈપણ સંરક્ષણ દળની હોસ્પિટલ દ્વારા અયોગ્ય ઘોષિત કર્યા હોય અથવા સંરક્ષણ દળોમાંથી શિસ્તના ધોરણે દૂર કરવામાં આવ્યા હોય તેમણે ભરતીમેળામાં ઉપસ્થિત થવું નહીં.

❑ **પસંદગી પદ્ધતિ :**

❑ **યોગ્યતાની ચકાસણી :** ભરતી મેળાના દિવસે સૌ પ્રથમ ઉમેદવારના અસલ પ્રમાણપત્રો/માર્કશીટ તેમજ જરૂરી પ્રમાણપત્રોની સ્થળ પર ચકાસણી કરવામાં આવશે.

❑ **લેખિત પરીક્ષા : ગ્રુપ 'X' માટે :** CBSCના AISSCEના અભ્યાસક્રમ પ્રમાણે અંગ્રેજી, ફિઝિક્સ અને મેથેમેટિક્સ વિષયોને લગતી લેખિત પરીક્ષા.

**ગ્રુપ 'Y' માટે :** CBSC ના AISSCEના અભ્યાસક્રમ પ્રમાણે અંગ્રેજી, રીઝનીંગ અને જનરલ અવેરનેસ સંબંધી લેખિત પરીક્ષા યોજાશે.

❑ **શારીરિક સુસજ્જતા કસોટી (PFT) :** PFTમાં પાસ થવું દરેક ઉમેદવાર માટે જરૂરી છે. PFTમાં ૮ મિનિટમાં ૧.૬ કિ.મી.ની દોડ યોજાશે. આ દોડ ૭.૩૦ મિનિટમાં પૂર્ણ કરનાર ઉમેદવારને વધારાના ગુણ આપવામાં આવશે. PFT માટે ઉમેદવારોએ પોતાના પી.ટી. શૂઝ, શોર્ટ સાથે લાવવાના રહેશે.

❑ **ઈન્ટરવ્યૂ/તબીબી પરીક્ષા :** લેખિત પરીક્ષા અને PFT પાસ કરનાર ઉમેદવારોને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે. અંગ્રેજી ભાષાની સામાન્ય વ્યવહાર જાણકારી જરૂરી છે. ઈન્ટરવ્યૂમાં સફળ થનાર ઉમેદવારોનું એરફોર્સના નિયત તબીબી ધોરણો અનુસાર એ.એફ.એમ.ટી. દ્વારા તબીબી પરીક્ષણ કરવામાં આવશે. તબીબી પરીક્ષણમાં સફળ પૂરવાર થનાર ઉમેદવારની જ અંતિમ પસંદગી માટે વિચારણા કરવામાં આવશે.

➢ બંને ટ્રેડ માટેની ભરતીમાં ગુજરાતના બધા જિલ્લાના તથા કેન્દ્ર શાસિત પ્રદેશ, દીવ, દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારના ઉમેદવારો ભાગ લઈ શકે છે.

➢ હાલમાં સેવારત લશ્કરી જવાન અને કેન્દ્રિય અર્ધ લશ્કરી દળોમાં સેવા આપતા જવાનોના પુત્ર પણ ભરતી મેળામાં ભાગ લઈ શકે છે. તે માટે ઉમેદવારના માતા-પિતા ગુજરાતમાં તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ, દીવ દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલ કોઈપણ યુનિટમાં ફરજ બજાવતા હોવા જોઈએ અને આ અંગે CO/ વિભાગના વડા દ્વારા અપાયેલ આધાર રજૂ કરવાનો રહેશે.

➢ કોઈપણ કારણોસર અગાઉ એરફોર્સમાંથી છૂટા કરાયેલા ઉમેદવાર ભરતી મેળામાં ભાગ લઈ શકશે નહીં.

❑ **સેવાકાળ અને તાલીમ :** ઉમેદવારને પ્રારંભમાં ૨૦ વર્ષ સુધી સેવા માટે નિમણૂક આપવામાં આવશે. પરંતુ તે ૫૭ વર્ષની વય સુધી લંબાવી શકાય છે.

➢ પ્રારંભમાં ઉમેદવારને ૧૨ સપ્તાહની જોઈન્ટ બેઝીક ફેઝ ટ્રેઈનીંગ (JBPT) માટે બેઝીક ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યૂટ, બેલગામ (કર્ણાટક) ખાતે મોકલવામાં આવશે.

➢ સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર ઉમેદવારને ટ્રેડ ફાળવીને નિયત સમય સુધી ટ્રેડ ટ્રેઈનીંગ માટે મોકલવામાં આવશે.

➢ તાલીમ દરમ્યાન જરૂરી ધોરણ મેળવવામાં નિષ્ફળ જનાર ઉમેદવારની સેવા સમાપ્ત કરી દેવાશે. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર ઉમેદવારને ત્યારબાદ એરમેન તરીકે ભૂમિગત કામગીરી માટે જે તે ટ્રેડમાં મુકવામાં આવશે.

❑ **પગાર ભથ્થાં :** તાલીમ દરમ્યાન ઉમેદવારને પ્રતિમાસ રૂા. ૫૭૦૦ ચૂકવવામાં આવશે. તાલીમ પૂર્ણ થયા બાદ ઉમેદવારને ગ્રુપ 'Y' ટ્રેડ માટે લઘુત્તમ પગાર ધોરણમાં અંદાજે રૂા. ૧૨,૦૦૦ પ્રતિમાસ તથા ગ્રુપ 'X' (ટેક્નિકલ)ને પ્રતિમાસ અંદાજે રૂા. ૧૩,૫૦૦ મળવાપાત્ર છે. બંને ટ્રેડમાં ત્યારપછીના સમયમાં ઉમેદવાર જે રેંક પ્રાપ્ત કરે તે અનુસાર અનુક્રમે રૂા. ૨૩,૫૦૦ અને રૂા. ૨૫,૦૦૦ સુધીનો પગાર મળવાપાત્ર થશે. તદ ઉપરાંત અન્ય લાભો જેવાં કે, રાશન, કપડાં, તબીબી સુવિધા, આવાસ સુવિધા એલ.ટી.સી. વગેરે નિયમોનુસાર મળવાપાત્ર છે.

➢ **બઢતી :** ઉમેદવારને માસ્ટર વોરંટ ઓફિસર સહિત ખાતાકીય પરીક્ષા દ્વારા કમિશન્ડ ઓફિસર બનવાની તક છે.

❑ **ભરતી મેળામાં ઉપસ્થિત થતી વેળાએ ઉમેદવારોએ નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સાથે લાવવા.**

➢ ત્રણ માસથી જૂનાં ન હોય તેવા તાજેતરમાં પડાવેલ (એટલે કે તા. ૨૭-૧૦-૨૦૦૯ પછી પડાવેલા પાસપોર્ટ સાઈઝના **સાત કલર ફોટોગ્રાફસ.** ફોટા આગળની બાજુ દેખાય તેમ અને ટોપી પહેર્યા વિનાના હોવા જોઈએ.

➢ ૨૪×૧૦ સે.મી. સાઈઝના સ્વયંના સરનામા લખેલ ટપાલ ટિકિટ વિનાના બે સફેદ પરબીડિયા.

➢ લાયકાતની પરીક્ષા પાસ કર્યા અંગેનું બોર્ડનું પ્રમાણપત્ર અસલમાં અને ત્રણ પ્રમાણિત નકલ.

➢ ઈન્ટર મિડિયેટ/ડિપ્લોમા માર્કશીટની અસલ નકલ અને બોર્ડનું અસલ પ્રમાણપત્ર તેમજ દરેકની ત્રણ ઝેરોક્ષ.

➢ એન.સી.સી. પ્રમાણપત્ર જો હોય તો અસલ પ્રમાણપત્ર અને તેની ત્રણ પ્રમાણિત ઝેરોક્ષ.

➢ રહેવાસ અંગેનું ડીએમ/એડીએમ/એક્ઝિ. મેજીસ્ટ્રેટ અથવા ગુજરાત સરકાર દ્વારા અધિકૃત સક્ષમ અધિકારી દ્વારા અપાયેલું ડોમીસાઈલ પ્રમાણપત્ર.

➢ જે ઉમેદવારો ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતા હોય તેમણે તેમના માતા-પિતા/વાલી દ્વારા સહી કરી આપેલ સંમતિ પ્રમાણપત્ર. તેનો નમૂનો નીચે જણાવેલ છે. ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરવાળા ઉમેદવારોએ સ્વયં સહી કરી સંમતિપત્ર લઈને આવવું.

➢ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે ભરતી મેળામાં ઉપસ્થિત થતા પૂર્વે તેઓના કાનમાંથી મેલ દૂર કરાવી દે તેમજ દાંત ચોખ્ખા કરાવી લે. જે ઉમેદવારો નિયમિત ચશ્મા પહેરતા હોય તેમણે આંખના નિષ્ણાત તબીબ પાસેથી મેળવેલ લેટેસ્ટ પ્રિસ્ક્રિપ્શન રજૂ કરવું.

❑ **AISL ની જાહેરાત :** ઓલ ઈન્ડિયા સિલેક્ટ લિસ્ટ (AISL) નં. ૬, એરમેન સિલેક્શન સેન્ટર મુંબઈ ખાતે તા. ૩૦-૪-૨૦૧૦ના રોજ જાહેર કરવામાં આવશે. ભૂજ ખાતે કલેક્ટર કચેરીમાં પણ કોપી મુકવામાં આવશે.

વેબસાઈટ : **www.indianairforce.nic.in** પર પણ મુકવામાં આવશે.

➢ **ભરતી મેળા સંબંધી વધુ જાણકારી માટે રાજ્યમાં આવેલી જિલ્લા રોજગાર કચેરીઓ અથવા કમાન્ડિંગ ઓફિસર, ૬, એરમેન સિલેકશન સેન્ટર, કોટનગ્રીન, મુંબઈ-૪૦૦ ૦૩૩નો ફોન નં. ૦૨૨-૨૩૭૧૪૯૬૩ (એક્ષ્ટેન્શન નંબર-૨૫૧) ઉપર સંપર્ક કરવો.**

**(Applicable in respect of candidates both above and below 18 years of age)**

**(To be produced before Physical Fitness Test)**

I.............................................................. son/father/guardian of ......................... whose date of birth is ......................... do hereby give my consent for my self/son/ward to appear in the physical/ medical tests, as per prescribed for selection in the Indian Air Force, at my/his own risk. I am aware that no compensation in any form shall be claimed in respect of injuries if any, sustained by my self/son/ward, during such test.

Signature..........................................................................

Name of Candidate/Parent/Guardian......................

Relationship with the candidate...............................

Date : ..................................

## Indian Institute of Management

**Vastrapur, Ahmedabad**

Invites applications for the positions of

**ACADEMIC ASSOCIATES FOR ITS VARIOUS ACADEMIC AREAS/CENTRES/ GROUPS**

**Duration :** Initially for one/two years, extendable up to total five years based on annual performance review.

**Age:** Preferred below 30 years.

**Remuneration:** Monthly consolidated salary in the range of Rs. 14,000/- to Rs. 27,000/- based on education, relevant experience and performance in test/interview. For more information about various Areas / Centres / Groups and qualification required for each Areas / Centres / Groups, please visit website **www.iimahd.ernet.in/jobs.php.** Candidates appearing in the final exams of Master's degree, may also apply.

Send your detailed resume (along with copies of the necessary certificates) strictly in the format displayed on our website, to Manager-HRD / HRM, Indian Institute of Management, Vastrapur, Ahmedabad 380015 upto 28th January, 2010.

*(અનુસંધાન પાન નં. ૮ નું ચાલુ...)*

### ❒ પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો :

- સહયોગી બેંકો ધ્વારા અ.જા./અ.જ.જા./ધાર્મિક લઘુમતિ વર્ગના ઉમેદવારો માટે દેશભરમાં પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો નિર્ધારીત કરવામાં આવ્યા છે. તાલીમ કેન્દ્રોમાં આવા ઉમેદવારો સ્વયંના ખર્ચે તાલીમ લઈ શકશે.
- તાલીમ કેન્દ્રોમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારે ઓનલાઈન અરજી વખતે સંબંધીત કોલમમાં તેનો ઉલ્લેખ કરવો.
- અમદાવાદ ખાતે તાલીમ કેન્દ્ર નથી.

### ❒ સામાન્ય સૂચનાઓ :

- અ.પ.વ.ના ઉમેદવારોએ ક્રીમીલેયરમાં આવતા નથી તે મતલબનું સક્ષમ સત્તાધીશ દ્વારા અપાયેલ તાજેતરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અ.પ.વ.માં આવતા પરંતુ ક્રીમીલેયર હોય તેવા ઉમેદવારોને અનામતનો લાભ મળશે નહિ. આવા ઉમેદવારોએ તેમની કેટેગરી 'સામાન્ય' જણાવવાની રહેશે.
- ભારતમાં ગમે ત્યાં ફરજ બજાવવા તૈયાર હોય તેવા ઉમેદવારોએ જ અરજી કરવી.
- લેખિત પરીક્ષામાં ઉમેદવારોએ સ્વયંના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. માત્ર ઈન્ટરવ્યૂ માટે ઉમેદવારોને સૌથી ટૂંકા રૂટનું બીજા વર્ગનું આવવા-જવાનું રેલવે/બસ ભાડું મળશે.
- અરજી કરતાં પૂર્વે ઉમેદવારોએ એ બાબતની ખાસ ચકાસણી કરી લેવી કે તેઓ જરૂરી યોગ્યતા ધરાવે છે કે નહિ. પસંદગી પ્રક્રિયા દરમ્યાન એવી હકીકત ધ્યાનમાં આવશે કે ઉમેદવારે ખોટી વિગતો રજૂ કરી છે અથવા તો વિગતો છૂપાવી છે તો તેઓની ઉમેદવારી રદ કરાશે. નિમણૂક બાદ પણ જો આવી હકીકત ધ્યાનમાં આવશે તો સેવા સમાપ્ત કરી દેવાશે.
- ઉમેદવારની નિમણૂક તબીબી ફીટનેસ આધારીત છે. બેંક દ્વારા નિયુક્ત તબીબી અધિકારીઓ દ્વારા ઉમેદવારની તબીબી ચકાસણી કરવામાં આવશે.
- **ઓનલાઈન અરજીની પ્રિન્ટઆઉટ એસ.બી.આઈ.ની સ્થાનિક મુખ્ય કચેરી અથવા રિક્રૂટમેન્ટ સેલને મોકલવી નહીં.**
- લાગવગનો પ્રયાસ ગેર લાયકાત ગણાશે.
- જાહેરાત સંબંધી કોઈપણ વિવાદ સર્જાશે તો તેના નિરાકરણ માટે ન્યાયિક ક્ષેત્ર મુંબઈમાં આવેલ અદાલતો, ટ્રિબ્યુનલ્સ અને ફોરમ રહેશે.

**- જનરલ મેનેજર**


## SAURASHTRA UNIVERSITY RAJKOT

**Employment Notice No.Esta/A-2/898/'10**

Applications are invited from Indian Citizens for filling up following teaching positions in Univesity Department of Pharmaceutical Science sanctioned under UGT XIth Plan (2007 to 2012) on contract basis.

| No. | Name of Post | No. of Post | Category | Pay Scale (Rs.) |
|---|---|---|---|---|
| 1 | Professor (Pharmacology **or** Quality Assurance) | 1 | General | 16,400-22,400 |
| 2 | Lecturer (Bio Technology) | 1 | SEBC | 8,000-13,500 |

Application forms for the above posts and other information can be obtaiend from Saurashtra University website **www.saurashtrauniversity.edu** or from The Office of "The Registrar, Establishment Section-A, SaurashtraUniversity, University Road, Rajkot-360005" on working days during **11.00 AM to 02.00 PM** either personally b)L paying a Non Refundable Fee of Rs. 100/- or by sending Demand Draft of Rs. 100/- favouring "Registrar, SaurashtraUniversity, Rajkot" payable at Rajkot with self addressed duly stamped envelope of Rs. 40/- (Size **1**3 Cms**X** 28 **Cms). Date For Issue of Application Form : Date** : **11-01-2010**

Application form, duly filled in five copies along with necessary certificate and a process fee of Rs. 250/- (Rs. 50 in case of SC/ST candidate). In case of application form downloaded from website **(www.saurashtrauniversity.edu)** process fee of a Rs. 350/- (Rs. 150/- in case of SC/ST candidate) (Non refundable) for each post by Demand Draft drawn in favour of "Registrar, Saurashtra University, Rajkot" payable at Rajkot, should reach personally or by RPAD to the "Registrar, Establishment Section-A, University Road, Rajkot" **on or before Dt. 10-02-2010.**

Separate application is required for each post. Otherwise the application form will be rejected. Canvassing of any sort will disqualify a candidature.

***REGISTRAR***


**ગ્રામ સ્વરોજગારી માટે ગોપાલ મિત્ર કેન્દ્રોની રચના**

# કૃત્રિમ બીજદાન કેન્દ્રો માટે ગોપાલ મિત્રની ભરતી

## તબક્કાવાર ૧૦૦૦ ગોપાલ કેન્દ્રો સ્થપાશે

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨-૨-૨૦૧૦**

ગુજરાત લાઈવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ, પોડીયમ લેવલ, કૃષિભવન, સેકટર-૧૦/એ, 'ચ' રોડ, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૯-૨૦૧૦ તથા ૨૦૧૦-૨૦૧૧ માં રાજ્યના પશુપાલકોને ઘેર બેઠા કૃત્રિમ બીજદાન સેવાઓ મળી રહે તેમજ ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી મળી રહે તે ઉદ્દેશથી તબક્કાવાર ૧૦૦૦ ગોપાલ મિત્ર કેન્દ્ર સ્થાપવાનું આયોજન વિચારણામાં છે. આ માટે સ્વરોજગારીમાં રસ ધરાવતા ઉમેદવારો તરફથી અરજીઓ નીચેના નમૂનામાં મંગાવવામાં આવે છે. અરજીઓ રજિસ્ટર પોસ્ટ એ.ડી. થી જ મોકલવાની રહેશે. અરજીઓ આ જાહેરાત પ્રસિધ્ધ થયા બાદ તા. ૦૨-૦૨-૨૦૧૦ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. સમયમર્યાદા બાદની અરજીઓ માન્ય ગણાશે નહિ. અરજીપત્રક ઉપર તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવાનો રહેશે. અરજીપત્રક સાથે રૂા. ૧૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ પેયેબલ એટ '' ગુજરાત લાઈવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ, ગાંધીનગર'' ના નામનો બીડવાનો રહેશે.

### ગોપાલ મિત્ર માટે અરજીનો નમૂનો

(૧) અરજદારનું પુરું નામ ( અટક પ્રથમ લખવી). (૨) અરજદારનું પુરું કાયમી સરનામું , (૩) જન્મતારીખ ( આંકડા અને શબ્દોમાં), (૪) ઉંમર, (૫) વૈવાહિક દરજ્જો, (૬) જાતિ (અ. જા./અનુ. જનજાતિ/અન્ય, (૭) શૈક્ષણિક લાયકાત (૮) ફોન નં. /મો. નં., (૯) પાસપોર્ટ સાઈઝનો ફોટો અરજીપત્રકના પ્રથમ પાના ઉપર જમણી બાજુ ઉપરની બાજુએ ચોંટાડવો.

**ઉમેદવારની સહી**

### ગોપાલ મિત્રોની પસંદગી અંગેની શરતો

૧. ગોપાલ મિત્રોની ભરતી સ્વરોજગારના હેતુથી જ રહેશે. આ સરકારી નોકરી નથી.

૨. પસંદ કરાયેલા ઉમેદવારોએ આખરી પસંદગી માટે લેખિત/મૌખિક ઈન્ટરવ્યૂ આપવાનો રહેશે.

૩. ઉમેદવારની ઉંમર ૧-૧-૨૦૧૦ના રોજ ૧૮ થી ૩૫ વર્ષની રહેશે.

૪. ઉમેદવારે ધોરણ -૧૦માં ૫૫ %કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવી જરૂરી છે. ગ્રામ્ય ડિપ્લોમા બી. આર. એસ. ધરાવતા ઉમેદવારોને પસંદગી આપવામાં આવશે.

૫. શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો/માર્કશીટ/શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો તથા રેશનકાર્ડ અથવા મતદાન ઓળખપત્રની પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.

૬. અધૂરી અરજીઓ, પ્રમાણપત્રો સિવાયની અરજીઓ, સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ રદ થવાને પાત્ર રહેશે. તાલીમ દરમ્યાન માસિક રૂા. ૨૦૦૦/- રહેવા-જમવા તથા આનુસાંગિક ખર્ચ પેટે ચૂકવવામાં આવશે.

૭. આખરી ઈન્ટરવ્યુ બાદ પસંદ કરાયેલ ઉમેદવારોએ ગોપાલ મિત્રની ૩ સામની તાલીમ ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે. તાલીમ દરમ્યાન માસિક રૂા. ૨૦૦૦/- રહેવા-જમવા તથા આનુસાંગિક ખર્ચ પેટે ચૂકવવામાં આવશે.

૮. ગોપાલ મિત્ર કેન્દ્રો માટે સ્થાનિક ગ્રામ્ય ઉમેદવારને પસંદગી આપવામાં આવશે. આખરી નિર્ણય બોર્ડનો રહેશે.

૯. રાજ્યના જે તાલુકાના ગામોમાં ગોપાલ મિત્રના કુત્રિમ બીજદાન કેન્દ્રો સ્થાપવાની વિચારણા છે તેની યાદી નીચે મુજબ છે.

મુખ્ય કારોબારી અધિકારી

➢ **મહેસાણા જિલ્લો :**

વિસનગર તાલુકો-બોકરવાડા, સવાલા, ખદલપુર, ઉંઝા તાલુકો-ભાંખર, દાસજ, જગન્નાથપુરા, વિસોલ, વરવાડા, ડાભી, પરી, કડી તાલુકો-લક્ષ્મણપુરા, કરણનગર, અણમોલ, આલમપુરા, મોકાસણ, મેઢા, બેચરાજી તાલુકો- કનોડા, જેતપુર, છાપાવાડા, ફીંચડી, કાલરી (ગણેશપુરા), ચડાસણા, ઈન્દ્રપ, સુરજ , વડનગર તાલુકો-સુલીપુર, જગાપુર, સરણા, અમરથોળ (વડનગર) ખેરાલુ તાલુકો- ચોટીયા, અરઠી, મહેકુબપુરા, ડાલીસણા, ડાબુ સતલાસણા તાલુકો- કનેરીયા, તાલેગઢ, મહેસાણા તાલુકો-નાની દાઉ, બટ્ટાપાલડી, ગોરાદ, ટુંડાલી, નુગર, ખદલપુર, મેવડ.

➢ **સાબરકાંઠા જિલ્લો :-**

મેઘરજ તાલુકો-મોટીમોયડી, ઉન્ડવા, લીંબોદરા (ઢુંઢા), ઘનીવાડા, વાસણા, બાંઠીવાડા, ભેમાપુર, ખેરાઈ, સીસોદરા (મેઘાઈ), જેમાના, પીસાલ, બેલ્યો, લીંબોદરા (રામગઢી), ભુવાલ, છીંટાદરા, પંચાલ, વલુણા, મોટીપંડુલી, જામગઢ, વસાઈ, શણગાલ, કંટાળુ માલપુર તાલુકો-નાથાવાસ, ગાજણ, મઠવાસ, નાનાવાડા, નવાગામ, મેડીટીંબા, વાવડી, શીવપુરા, કંપા, મંગલપુર, મોંલ્લી, રૂઘનાથપુર, જીતપુર, વાંકાનેડા, જામલખાંટના મુવાડા, રંભોડા, અંબાવા, ચોરીવાડ ધનસુરા તાલુકો-અંબાસર, જામલપુરા, કીડી, રાજપુર, ખિલોડીયા, રામપુરા (આકોડીયા) પોયડા, દોલપુર, રમાણા, ખડોલ ભિલોડા તાલુકો-કિશનગઢ, મલેકપુર, ફતેપુર, કમઠાડીયા, કલ્યાણપુર, જેશીંગપુર, વાઘપુર, રામેરા, લુસડીયા, જામચિંતરીયા, ધનસોર, બુધરાસણ, જનાલી, ડાહાથરોલ, રીટોડા, ગોઢ (અઢેરા), ઓઢાપહાડિયા, રામપુરી, ખારી, સરકીલીંબડી, દહેગામડા, મોટાકંથારીયા, વાંકાટીંબા, ડોડીસરા, ઓડ.

➢ **ગાંધીનગર જિલ્લો :-**

દહેગામ તાલુકો-ચેખલાપગી, નાનાજલુંદરા, વડવાસા, સાલકી, અંગુથડા, સામીત્રી, કલ્યાણજીના મુવાડા, લવાડ, હરખજીના મુવાડા, વાસણાશોગથી, વાસણા રાઠોડ, મોટા જાલુંદરા, હરસોલી, બારડોલી કોઠી, અમરાજીના મુવાડા, ઈસનપુર ડોડીયા, બારીયા, બારડોલી બારીયા, કૃષ્ણનગર, કારોલી, કમાલબંધ વાસણા, હિલોલ વાસણા, કનીપુર, હિલોલ, દેમાલીયા, ગાંધીનગર તાલુકો - વાસણ, પીંઢારડા, માધવગઢ, પીપલજ, કોલવડા, ગીયોડ, ધણપ, ટીંટોડા, ભોંયણ રાઠોડ, આલમપુર, મહુંદ્રા, પ્રાંતિયા, મગોડી, કુડાસણ, પોર, પીરોજપુર, વાંકાનેરડા, રાયપુર કલોલ તાલુકો - અલુવા, ગોલથરા, પીયજ, પલસાણા, ભોયણમોટી, જાસપુર, સાંતેજ, ખડાત, હરણાહોડા, અનોડિયા, કુવાદરા, અંબોડ.

➢ **અમદાવાદ જિલ્લો :-**

સાણંદ તાલુકો : ગોધાવી, અણદેજ, ખોડા, જુવાલ, ઝાંપ, તેલાવ, મોરૈયા, માણકોન, ઉપરદવ, ગોરજ ધોળકા તાલુકો-વાલથેરા, સઈજ, ઈસાવાડા, વીરપુર, ભુરખી, ભુંદી, સીમેજ, વારણા, સારગવાડા, મોટીબોર, શિયાવાડા, રાયપુર, ઉટોલીયા, સરંઢી, વેજલકા બાવળા તાલુકો- કાવીઠા, બલદાણા, મેટાલ, દેવડથલ, કેસરડી, બનાસકાંઠા જિલ્લો - થરાદ તાલુકો - નાગલા, વામી, વાઘાસણ, ચારડા, રડકા, રાણેસરી, વાંતડાઉ, રામપુરા, ભાણી, વેદલા, લુવાણા (ક), લાલપુર, ખંગારપુરા, મીયાલ, સવપુરા, દીદરડા, ઝેટા, મોરીલા, પેપરાલ, દેતાલ-દરબારી, ઘોડાસર, ઉંટ વેલીયા, પવડાસણ, લખાપુરા, જમડા, આજાવાડા, ભાભર તાલુકો-બેડા, તેતરવા, ગોસણ, ચચાસણા, ચલાદર, રડકિયા, હલકુડિયા, નવા વજાપુર, બુરેઠા, અબાસણા, જોરા, ભીમબોરડી, અસાણા, ગાંગુણ, રૂણી, ઈદેરવા જુના, ભાભર નવા, ભલોધણ, ચેમ્બુવા, તન્વાડ, જાસનવાડા વાવ તાલુકો- મોરીખ, ધરધરા, અસારાગામ, દુદોસણ, રામપુરા, આછુવા, દૈયપ, ડાભી, રડકા, જેલાણા, લીબાણા, હુભારખા, ભાટવર, ભરડવા, બાલુત્રી, ટડાવ, સટ્રોડા, સુઈગામ, ખીમાણાવાસ, ભડવેલ, પાડણ, મોરવાડા, રડાસણ, ચોટીલ, જાનાવાડા પાલનપુર તાલુકો : લુણવા, વાસણી, તાલેપુરા, આંબેધા, ખેમાણા, સોનગઢ, વરવાડીયા, સામઢી. જસપુરીયા, હાથીદરા.

➢ **પાટણ જિલ્લો :-**

સાંતલપુર તાલુકો : માનપુરા,લીમગામડા, કમાલપુરા, ગઢ, શેરપુરા, છણાસરા, વૈઢવા, જૂના જાખાના, સાંતલપુર, બરારા રાધનપુર તાલુકો : રાધનપુર, અબીયાણા, ગુલાબપુરા, ભીલોટ, ત્રિનાડ, મોટી પીપળી, મહેમદાવાદ, નાનાપુરા, પ્રેમનગર, દેવ સમી તાલુકો - કનીજ, કુંવારદ, શંખેશ્વર, પાડલા, ગુજપુરા, સોનાર, માત્રોટા, દાઉદપુરા, જાખેલ હારીજ, તાલુકો- જમાલપુર, જાસ્કા, સરવાલ, ભલાળા, સોઢવ, પીપલાણા, વાંસા, વોજાવાડા, ધુનાવાડા, જુનામાંકા, બીલીયા.

**(૧) સૂર્યથી સૌથી નજીક ગ્રહ કયો છે?**
(A) શુક્ર (B) હર્ષલ
(C) બુધ (D) મંગળ

**(૨) ક્ષેત્રફળની દ્રષ્ટિએ સૌથી નાનો ભૂમિખંડ કયો ?**
(A) આફ્રિકા (B) યુરોપ
(C) એશિયા (D) ઉત્તર અમેરિકા

**(૩) W.H.O. શું છે ?**
(A) વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (B) વર્લ્ડ હાઉસીંગ ઓર્ગેનાઈઝેશન
(C) વર્લ્ડ હોમ ઓફિસ (D) વર્લ્ડ હાર્ટસર્જરી ઓર્ગેનાઈઝેશન

**(૪) વિટામીન A ની ઉણપથી શરીરના કયા અંગને નુકશાન થાય છે ?**
(A) લીવર (B) કિડની
(C) ત્વચા (D) આંખ

**(૫) 'પીડીયાટ્રીશિયન' નીચેનામાંથી કોના રોગોના નિષ્ણાત હોય છે ?**
(A) બાળકોના (B) યુવાનોના
(C) વૃધ્ધોના (D) સ્ત્રીઓના

**(૬) ''મિડનાઈટ્સ ચિલ્ડ્રન'' પુસ્તકના લેખક કોણ ?**
(A) આર. કે. નારાયણ (B) વિક્રમ શેઠ
(C) સલમાન રશ્દી (D) વી. એસ. નાયપોલ

**(૭) ગુજરાતમાં કેટલાં 'સેઝ' (SEZ) ને મંજૂરી મળી ચૂકી છે ?**
(A) 5 (B) 10 to 15
(C) 15 to 20 (D) Above 20

**(૮) કુરૂક્ષેત્ર કયાં આવ્યું ?**
(A) પંજાબ (B) ઉત્તરપ્રદેશ
(C) હરિયાણા (D) ઉતરાંચલ

**(૯) 'ડીમેટ એકાઉન્ટ' સંબોધન કયા વ્યવસાય માટે વપરાય છે?**
(A) અનાજ બજાર (B) ઝવેરી બજાર
(C) વિદેશી હૂંડીયામણ (D) શેરબજાર

**(૧૦) દ્રાક્ષની ખેતી મોટા પાયા ઉપર કયાં રાજ્યમાં સૌથી વધારે થાય છે ?**
(A) હિમાચલ પ્રદેશ (B) મહારાષ્ટ્ર
(C) કર્ણાટક (D) પંજાબ

**(૧૧) રામ મનોહર લોહિયા કઈ રાજકીય પાર્ટીના નેતા હતા ?**
(A) સોશ્યાલિસ્ટ પાર્ટી (B) જનસંઘ
(C) કોંગ્રેસ (D) સ્વતંત્ર પાર્ટી.

**(૧૨) પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રમુખ જનરલ મુશર્રફનું જન્મ સ્થાન કયું છે ?**
(A) આગ્રા (B) લખનૌ
(C) દિલ્હી (D) જામનગર

**(૧૩) ગાંધીજી આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણ્યા હતા આ સ્કૂલ કયાં આવી ?**
(A) રાજકોટ (B) પોરબંદર
(C) ભાવનગર (D) જામનગર

**(૧૪) સ્વતંત્રતા ચળવળ વખતે 'ચલો દિલ્હી'નો નારો કોણે આપ્યો હતો ?**
(A) મહાત્મા ગાંધી (B) સરદાર પટેલ
(C) જવાહરલાલ નહેરૂ (D) નેતાજી સુભાષચંદ્ર બોઝ

**(૧૫) બાલારામ ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?**
(A) મહેસાણા (B) સાબરકાંઠા
(C) બનાસકાંઠા (D) પંચમહાલ

**(૧૬) ગુજરાતમાં 'બારડોલી સત્યાગ્રહ' સાથે કોનું નામ જોડાયેલું છે ?**
(A) મહાત્મા ગાંધી (B) સરદાર પટેલ
(C) મોરારજી દેસાઈ (D) શામળદાસ ગાંધી

**(૧૭) 'INA' (ઈન્ડીયન નેશનલ આર્મી) ની સ્થાપના નેતાજીએ કયા દેશમાં કરી હતી ?**
(A) બર્મા (B) જર્મની
(C) થાઈલેન્ડ (D) અફઘાનિસ્તાન

**(૧૮) ચિત્રકાર અમિત અંબાલાલ કઈ ચિત્રકળા સાથે જોડાયેલા છે ?**
(A) લઘુચિત્ર (B) પિછવાઈ
(C) આધુનિક (D) આમાંની કોઈ નહિં.

**(૧૯) 'NID' ( નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન) કયા આવેલી છે ?**
(A) વડોદરા (B) અમદાવાદ
(C) સુરત (D) રાજકોટ

**(૨૦) ગુજરાતના રાજ્યકક્ષાના ગૃહમંત્રીનું નામ આપો.**
(A) શ્રી ભરતકુમાર બારોટ (B) શ્રી છત્રસિંહ મોરી
(C) શ્રી સૌરભ પટેલ (D) શ્રી અમિત શાહ

**(૨૧) એલિસબ્રિજ (પુલનું) નામ કોના ઉપરથી પાડવામાં આવ્યું છે ?**
(A) અંગ્રેજ અધિકારીના પત્ની (B) એલિસ ઈન વન્ડરલેન્ડ
(C) અંગ્રેજી અધિકારી (D) આમાંના કોઈ નહીં.

**(૨૨) દિવાળીબેન ભીલનું નામ કયા સંગીત સાથે જોડવામાં આવે છે ?**
(A) લોક સંગીત (B) શાસ્ત્રીય સંગીત
(C) ફિલ્મી ગીતો (D) સુગમ સંગીત

**(૨૩) મુંબઈ કરતા લંડનનો સમય પાંચ કલાક પાછળ છે. લંડનથી રાત્રે ૧૨ વાગે ઉપડેલું વિમાન ૧૦ કલાકની સફરબાદ મુંબઈ પહોંચ ત્યારે મુંબઈનો સ્થાનિક સમય શું હશે ?**
(A) સાંજના છ (B) બપોરના બે
(C) બપોરના ત્રણ (D) રાત્રે આઠ

**(૨૪) ૬૩ મિલિમીટર વરસાદ પડ્યો હોય તો કેટલા ઈંચ કહેવાય ?**
(A) અઢી ઈંચ (B) બે ઈંચ
(C) ત્રણ ઈંચ (D) દોઢ ઈંચ

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**આર. એન. કોટક**

**(૨૫) P.O.W. એટલે શું ?**
(A) પેન્શનર ઓફ વોર (B) પાવર ઓફ વોર્ડ
(C) પ્રિઝનર ઓફ વોર (D) આમાંનું કંઈ જ નહીં.

**(૨૬) મકરસંક્રાતિનો અર્થ શું છે ?**
(A) ગુરુનો મકરરાશિમાં પ્રવેશ (B) સૂર્યનું મકર રાશિથી પ્રસ્થાન
(C) સૂર્યનો મકરરાશિમાં પ્રવેશ (D) ગુરૂનું મકર રાશિમાંથી પ્રસ્થાન

**(૨૭) નીચેની નદીઓમાંથી સૌથી લાંબી નદી કઈ છે ?**
(A) ગંગા (B) બ્રહ્મપુત્રા
(C) ગોદાવરી (D) યમુના

**(૨૮) નીચેનામાંથી કયા ફળમાં વિટામીન 'સી' હોય છે ?**
(A) કેળું (B) ચીકુ
(C) નારંગી (D) સફરજન

**(૨૯) DNA ને આમાંથી કોની સાથે સંબંધ છે ?**
(A) દેશ (B) પરંપરા
(C) વંશ (D) ધર્મ

**(૩૦) પાણી કેટલા ડિગ્રી સેન્ટિગ્રેડ પર ઉકળે છે ?**
(A) 80 (B) 90
(C) 95 (D) 100

**(૩૧) 'કિમોથેરપી' કયા રોગની સારવારમાં કરાય છે ?**
(A) કેન્સર (B) એઈડ્ઝ
(C) હાર્ટ સર્જરી (D) ન્યુમોનિયા

**(૩૨) ટેલિફોનની શોધ કોણે કરી ?**
(A) રૂડોલ્ફ ડીઝલ (B) એલેકઝાન્ડર બેલ
(C) જેમ્સ વોટ (D) થોમસ એડીસન

**(૩૩) સુપર સોનિક એટલે શું ?**
(A) ઘોંઘાટ (B) ધીમો અવાજ
(C) અવાજથી વધારે ઝડપ (D) પડઘો

**(૩૪) નીચેનામાંથી કઈ એક બાબતને તબીબી વિજ્ઞાન સાથે સંબંધ નથી ?**
(A) કાર્ડિયોગ્રામ (B) લેપ્રોસ્કોપી
(C) ડાયાલિસિસ (D) સિસ્મોગ્રાફ

**(૩૫) 'બ્લોગ' નો સંબંધ કયા ક્ષેત્ર સાથે છે ?**
(A) ઈન્ટરનેટ (B) પ્રિન્ટીંગ
(C) સ્થાપત્ય (D) તબીબી વિજ્ઞાન

**(૩૬) હીરાના વજનમાં એક કેરેટ એટલે કેટલા ગ્રામ થાય ?**
(A) 8 (B) 5
(C) 4 (D) 2

**(૩૭) એક દિવસે મોસ્કો (રશિયા) નું ઉષ્ણતામાન-10 સેન્ટિગ્રેડ છે, તે દિવસે અમદાવાદ (ગુજરાત ઈન્ડીયા) નું ઉષ્ણતામાન એના કરતાં 45 સેન્ટિગ્રેડ વધારે છે તો અમદાવાદનું તાપમાન કેટલું હશે ?**
(A) 35 (B) 45
(C) 40 (D) 38

**(૩૮) આમાં શું બેસતું નથી ?**
(A) GNG (B) પેટ્રોલ
(C) ક્લોરિન ગેસ (D) ડિઝલ

**(૩૯) આમાં કોણ જુદું પડે છે ?**
(A) સેન્ટર ફોરવર્ડ (B) વિકેટકીપર
(C) પેનલ્ટી (D) ગોલકીપર

**(૪૦) આમાં કવિ તરીકે કોણ જાણીતા છે ?**
(A) કાંતિ ભટ્ટ (B) શિવકુમાર જોષી
(C) ગુણવંત શાહ (D) અનિલ જોશી

**(૪૧) તિરુવનંતપુરમનું જૂનું નામ શું હતું ?**
(A) તિરુનેલવેલી (B) ત્રિચુર
(C) ત્રિવેન્દ્રમ (D) તિરુપતિ

**(૪૨) બચુભાઈ રાવત કયા સામાયિક સાથે સંકળાયેલા હતાં ?**
(A) કુમાર (B) પરબ
(C) અખંડ આનંદ (D) કવિતા

**(૪૩) ભારતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી કોણ બન્યાં હતા ?**
(A) નંદિની સતપથી (B) સુચેતા કૃપલાણી
(C) જયલલિતા (D) માયાવતી

**(૪૪) મોહનવીણા વાદ્ય સાથે કોણ સંકળાયેલું છે ?**
(A) અમજદઅલીખાન (B) શિવકુમાર શર્મા
(C) સુલતાનખાન (D) વિશ્વમોહન ભટ્ટ

**(૪૫) યુરો કયા દેશનું ચલણ છે?**
(A) અમેરિકા (B) ઈંગ્લેન્ડ
(C) બ્રાઝિલ (D) કોઈપણ એક દેશનું નહીં.

**(૪૬) 'માઈકલ જોર્ડન' કઈ રમતના 'બાદશાહ' ગણાય છે.**
(A) બાસ્કેટબોલ (B) હોકી
(C) બેઝબોલ (D) ફૂટબોલ

**(૪૭) 'સ્નેહરશ્મિ' કયા લેખકનું ઉપનામ છે ?**
(A) મનુભાઈ પંચોળી (B) ઝીણાભાઈ દેસાઈ
(C) રામનારાયણ પાઠક (D) કાકા કાલેલકર

**(૪૮) વોલમાર્ટ શું છે?**
(A) ઈંગ્લેન્ડના ઉદ્યોગપતિ (B) જાણીતા બિલ્ડર
(C) એક વિશાળ સ્ટોર (D) ફર્નિચરની દુકાન

**(૪૯) I.S.R.O.એટલે શું ?**
(A) ઈન્ડિયન સ્ટેટેસ્ટિકલ રિસર્ચ ઓર્ગેનિઝેશન
(B) ઈન્ડિયન સ્ટડી રિસર્ચ ઓફિસ
(C) ઈન્ડિયન સ્ટોક રિસર્ચ ઓફિસ
(D) ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓફિસ

**(૫૦) 'લીલુડી ધરતી' નવલકથાના લેખક કોણ ?**
(A) ચુનીલાલ મડિયા (B) પન્નાલાલ પટેલ
(C) ર. વ. દેસાઈ (D) 'ધૂમકેતુ'

## ઉત્તરો

**(૧) (C) (૨) (B) (૩) (A) (૪) (D) (૫) (A) (૬) (C) (૭) (D) (૮) (C) (૯) (D) (૧૦) (B) (૧૧) (A) (૧૨) (C) (૧૩) (A) (૧૪) (D) (૧૫) (C) (૧૬) (B) (૧૭) (A) (૧૮) (B) (૧૯) (B) (૨૦) (D) (૨૧) (A) (૨૨) (A) (૨૩) (C) (૨૪) (A) (૨૫) (C) (૨૬) (C) (૨૭) (B) (૨૮) (C) (૨૯) (C) (૩૦) (D) (૩૧) (A) (૩૨) (B) (૩૩) (C) (૩૪) (D) (૩૫) (A) (૩૬) (D) (૩૭) (A) (૩૮) (C) (૩૯) (B) (૪૦) (D) (૪૧) (C) (૪૨) (A) (૪૩) (B) (૪૪) (D) (૪૫) (D) (૪૬) (A) (૪૭) (B) (૪૮) (C) (૪૯) (D) (૫૦) (A)**

# સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા : મુંબઈ
# પ્રોબેશનરી ઓફિસરની ૧૭૦૦થી વધુ જગાઓ માટે ભરતી

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સહયોગી બેંકોમાં પ્રોબેશનરી ઓફિસરોની ૧૭૧૭ જગાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઈન અરજી મગાવામાં આવે છે.**

| | |
|---|---|
| ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તા. : ૩૧-૧-૨૦૧૦ | જગાની સંખ્યા : ૧૭૧૭ |
| લેખિત પરીક્ષાની તા. ૭-૩-૨૦૧૦ | જા×ખ નં. : CRPD/PO/AB/2009-10/06 |

ફી જમા કરાવવાની છેલ્લી તારીખ : ૨૫-૧-૨૦૧૦

**❒ જગાનું નામ : પ્રોબેશનરી ઓફિસર**

**❒ જગાની સંખ્યા :**

**VACANCIES**:

| Sr. No. | Bank | Vacancies | | | | | Vacancies (PWD) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | SC | ST | OBC | GEN | Total | VH | OH | Total |
| 1 | SBBJ | 61 | 32 | 102 | 60 | 255 | 05 | 07 | 12 |
| 2 | SBH | 101 | 51 | 182 | 340 | 674 | 10 | 10 | 20 |
| 3 | SBIND | 15 | 7 | 27 | 51 | 100 | 01 | 02 | 03 |
| 4 | SBM | 64 | 73 | 50 | 130 | 317 | 02 | 09 | 11 |
| 5 | SBP | 41 | 81 | 76 | 47 | 245 | 03 | 03 | 06 |
| 6 | SBT | 19 | 45 | 22 | 40 | 126 | 02 | 01 | 03 |
| | TOTAL | 301 | 289 | 459 | 668 | 1717 | 23 | 32 | 55 |

Note: I) 81 vacancies for Scheduled Tribe in SBP also include 46 backlog vacancies.
II) 19 vacancies for Scheduled Caste in SBT also include 7 backlog vacancies and 45 vacancies for Scheduled Tribe in SBT also include 39 backlog vacancies.
III) Vacancies for OH & VH category candidates are reserved horizontally. Vacancies including reserved vacancies are provisional and may vary according to the requirements of Bank.

**There will be one common written test, for all 6 Associate Banks. Candidates should indicate 3 Banks in order of preferences in the on-line application. Preferences given once cannot be changed.**

**❒ યોગ્યતાના ધોરણો :** (તા. ૩૧-૧-૨૦૧૦ના રોજ)

**❒ શૈક્ષણિક લાયકાત :**

❋ અ.પ.વ. સહિત સામાન્ય વર્ગના ઉમેદવારો માટે : ધો. ૧૨માં ૬૦ ટકાથી વધુ ગુણ અથવા ધો. ૧૦ બાદ ડિપ્લોમાં કોર્સ અને ૫૫ ટકાથી વધુ ગુણ સાથે સ્નાતક .

❋ અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં ધરાવનાર ઉમેદવારો માટે : ધો. ૧૨માં ૫૫ ટકા અથવા ધો. ૧૦ બાદ ડિપ્લોમાં કોર્સ અને ૫૦ ટકા કે તેથી વધુ ગુણ સાથે સ્નાતક.

❋ ઉમેદવાર CA/CWA/CFA/CS જેવી પ્રોફેશનલ ડિગ્રી ધરાવતો હોય તો તેમના માટે સ્નાતક હોવું ફરજિયાત નથી. તેઓ માટે માત્ર ધો. ૧૨માં ૬૦ ટકા (અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં. માટે ૫૫ ટકા) હોવા પુરતુ છે. ઉપર દર્શાવેલ પ્રોફેશનલ ડિગ્રીમાં માત્ર પાસ હોવું જ પુરતુંછે.

❋ જે ઉમેદવારોએ ધો. ૧૨ પાસ કર્યું ન હોય પરંતુ ધો. ૧૦ બાદ ૬૦ ટકા ગુણ સાથે નીચે દર્શાવેલ શરતો સાતે ડિપ્લોમા કોર્સ પૂર્ણ કર્યો હોય તો તેવા ઉમેદવારો પણ અરજી કરવાપાત્ર છે.

❋ ડિપ્લોમા કોર્સ પૂર્ણકાલિન હોવો જોઈએ (એટલે કે, પત્રાચાર દ્વારા મેળવેલ ડિપ્લોમા માન્ય ગણાશે નહીં.) ડિપ્લોમા કોર્સ બે વર્ષનો હોવો જોઈએ.

**❒ વયમર્યાદા :** તા. ૩૧-૧-૨૦૧૦ના રોજ ઉમેદવારની વય ૨૧ વર્ષથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

❋ ઉપલી વયમર્યાદામાં અ.જા./અ.જ.જા. તથા એક્સ સર્વિસમેન ઉમેદવારોને પાંચ વર્ષની, અ.પ.વ.ના ઉમેદવારોને ત્રણ વર્ષની તથા શારીરિક અને દૃષ્ટિની ખામી ધરાવનાર ઉમેદવારો પૈકી સામાન્ય વર્ગને ૧૦ વર્ષ, અ.પ.વ.ને ૧૩ વર્ષ તથા અ.જા./અ.જ.જા. વર્ગને ૧૫ વર્ષની છૂટ મળી શકશે.

❋ ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ ક્યુમ્યુલેટિવ ધોરણે મળી શકશે નહીં.

**◆ શારીરિક/દૃષ્ટિની અપંગતાની વ્યાખ્યા :**

❋ લોકોમોટર (અસ્થિ વિષયક) વિકલાંગતા અથવા સેરેબ્રલ પાલ્સી (વાંકા અંગો) સાથે ઓછામાં ઓછી ૪૦ ટકા વિકલાંગતા નીચે દર્શાવ્યા પ્રમાણે ધરાવતા હોવા જોઈએ.

- BL : બંને પગ અસરગ્રસ્ત હોય પરંતુ હાથ સાજા હોય.
- OA : ડાબો અથવા જમણો હાથ અસરગ્રસ્ત હોય, એટલે કે હાથ ઊંચો ન થઈ શકતો હોય, હાથની પકડ ઢીલી હોય, ધ્રુજતા હોય.
- OL : ડાબો અથવા જમણો પગ અસરગ્રસ્ત હોય.
- MW : એટલે કે સ્નાયુઓ અકડાઈ ગયા હોય, શરીરનો અમુક ભાગ જકડાઈ ગયો હોય.

**◆ દૃષ્ટિની વિકલાંગતા :** નીચે જણાવ્યા પ્રમાણે કોઈ એક ઉણપ ધરાવતા હોય.

- સંપૂર્ણ દૃષ્ટિ હિનતા
- દૃષ્ટિની ચોકસ્સતા ૬/૬૦ થી ઓછી હોય અથવા સારી આંખ વડે ચશ્મા સાથે દૃષ્ટિની ચોકસતા ૨૦/૨૦૦ (Snellen) હોય.
- ૨૦ ડિગ્રીના પરીઘમાં જોઈ શકવાની મર્યાદા કે તેથી વધુ ખરાબ દૃષ્ટિ.

❋ ઉમેદવાર આંશિક અંધત્વ ધરાવતા હોય.

❋ લેખિત પરીક્ષા સમયે અંધ/આંશિક અંધત્વ ધરાવતા ઉમેદવારો અને સેરેબ્રલ પાલ્સીના કારણે જેમની લખવાની ક્ષમતા અસર પામી હોય તેવા ઉમેદવારોને લહિયો (સ્ક્રાઈબ) રાખવાની છૂટ સ્વયંના ખર્ચે આપવામાં આવશે. આ માટે નિર્ધારીત નિયમોનું પાલન કરવાનું રહેશે.

- ઉમેદવાર અને લહિયો/લખનારે એવી બાંયેધરી આપવાની રહેશે કે લહિયો ઉપર જણાવ્યા અનુસાર લહિયા માટેની જરૂરી યોગ્યતા ધરાવે છે. પાછળથી એવું ધ્યાનમાં આવશે કે લહિયો નિર્ધારીત લાયકાતના ધોરણો ધરાવતો નથી કે અન્ય જરૂરી હકીકત છુપાવી છે તો તેવા ઉમેદવારની ઉમેદવારી લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ પણ રદ કરી દેવાશે.
- લહિયાની સેવા લેનાર ઉમેદવારને લેખિત પરીક્ષામાં ૨૦ મિનિટનો વધારાનો સમય આપવામાં આવશે અથવા પ્રતિ કલાક દરમ્યાન કેટલીક છૂટ અપાશે.

**❒ કેટેગરીનો ઉલ્લેખ :**

❋ નીચે દર્શાવેલ ટેબલમાં જણાવ્યા અનુસાર કેટેગરીના નામ અને કોડ નંબર ઉમેદવારોએ ઓલાઈન અરજી વખતે દર્શાવવાની રહેશે.

| Category Name | Code No. | Category Name | Code No. |
|---|---|---|---|
| SC | 01 | OBC | 07 |
| SC (OH) | 02 | OBC (OH) | 08 |
| SC (VH) | 03 | OBC (VH) | 09 |
| ST | 04 | GEN | 10 |
| ST (OH) | 05 | GEN (OH) | 11 |
| ST (VH) | 06 | GEN (VH) | 12 |

**❒ પસંદગી પ્રક્રિયા :**

❋ **તબક્કો-૧ :(હેતુલક્ષી/વર્ણનાત્મક સંયુકત કસોટી) :**

પરીક્ષા ત્રણ કલાકની રહેશે. તેમાં બે કલાકની હેતુલક્ષી કસોટી અને એક કલાકની વર્ણનાત્મક કસોટી યોજાશે. હેતુલક્ષી કસોટીમાં રીઝનિંગ (હાઈલેવલ), ડેટા એનાલિસીસ એન્ડ ઈન્ટરપ્રિટેશન, જનરલ અવેરનેસ, માર્કેટીંગ અને કોમ્પ્યુટર નોલેજ તેમજ અંગ્રેજી ભાષાને લગતા પ્રશ્નો પૂછાશે.

❋ એક કલાકની અવધિવાળી વર્ણનાત્મક કસોટીમાં ઉમેદવારોની અંગ્રેજી ભાષાની જાણકારીને લગતા પ્રશ્નો પૂછવામાં આવશે.

❋ વર્ણનાત્મક કસોટીના પેપર એવા ઉમેદવારનાં જ તપાસવામાં આવશે જેમણે બધી જ (ચાર) કસોટીમાં ઓછામાં ઓછા ૪૦ ટકા તેમજ એકંદર ૪૦ ટકા (અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં વર્ગ માટે ૩૫ ટકા) ગુણ મેળવ્યા હોય.

❋ ખાલી જગાઓની સંખ્યાના આધારે ઉમેદવારોની તૈયાર થયેલી મેરિટ યાદી અંતર્ગત મેરિટમાં ઊંચુ સ્થાન મેળવનાર ઉમેદવારો પૈકી પ્રત્યેક કેટેગરીની જગાના ત્રણ ગણા ઉમેદવારોને ગ્રુપ ચર્ચા અને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે.

❋ **તબક્કો-૨ : ગ્રુપચર્ચા અને ઈન્ટરવ્યૂ :**

લાયકાત ધરાવનાર ઉમેદવારોને ગ્રુપચર્ચા અને ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે. ગ્રુપચર્ચા અને ઈન્ટરવ્યૂ બંને ભેગા મળીને એકંદર ૪૦ ટકા (અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં. વર્ગ માટે ૩૫ ટકા) મેળવનાર ઉમેદવારો અંતિમ પસંદગી માટે લાયક ઠરશે.

**❒ પરીક્ષા કેન્દ્રો :**

❋ પરીક્ષા તા. ૭-૩-૨૦૧૦ને રવિવારે નીચે દર્શાવેલ કેન્દ્રો ઉપર યોજાશે.

| Name of Examination Centre | Code Number | Address of the Recruitment Cell which will arrange for issue of Duplicate call letter |
|---|---|---|
| Ahmedabad<br>Bhavnagar<br>Rajkot<br>Surat<br>Vadodara | 11<br>12<br>13<br>14<br>15 | Asstt. General Manager (HR) Recruitment Cell, State Bank of India, Local Head Office, 4th Floor, Bhadra, AHMEDABAD Pin-380 001. |
| Bhopal<br>Gwalior<br>Indore<br>Jabalpur<br>Raipur | 20<br>21<br>22<br>23<br>24 | Asstt. General Manager (HR) Recruitment Cell, State Bank of India, Local Head Office, P.B. No. 6, Hoshangabad Road, BHOPAL-462 011 |
| Agra<br>Ajmer<br>Dehradun<br>Jaipur<br>Jodhpur<br>Meerut<br>Nainital<br>New Delhi<br>Udaipur | 66<br>67<br>68<br>69<br>70<br>71<br>72<br>73<br>76 | Asstt. General Manager (HR) Recruitment Cell, State Bank of India, Local Head Office, 13th Floor, 11, Sansad Marg, P.B. No. 398, NEW DELHI-110 001. |
| Aurangabad<br>Mumbai<br>Nagpur<br>Panaji (Goa)<br>Pune | 75<br>76<br>77<br>78<br>79 | Asstt. General Manager (HR) Recruitment Cell, State Bank of India, Local Head Office, Plot No. C-6, G-Block, Bandra-Kurla Complex, Bandra, (E), MUMBAI-400 051. |

**નોંધ :** *જે ઉમેદવારોને **તા.૨૮-૨-૨૦૧૦** સુધીમાં કોલ લેટર્સ ન મળે તો તેઓએ ઉપર દર્શાવેલ રિક્રૂટમેન્ટ સેલનો અરજી ફોર્મની પ્રિન્ટઆઉટ અને અસલ ફી ભર્યાની પહોંચ સાથે સંપર્ક સાધવો. **તા. ૪-૩-૨૦૧૦** બાદ સંપર્ક કરનાર ઉમેદવારની રજૂઆત વિચારણામાં નહિ લેવાય.*

**❒ પગાર ભથ્થાં :**

❋ પસંદ થયેલા ઉમેદવારને બે વર્ષ અજમાયશી ધોરણે રાખવામાં આવશે. JMGS-I માં પ્રારંભિક ધોરણે મળવાપાત્ર પગાર ધોરણ રૂા. ૧૦,૦૦૦-૪૭૦/૬-૧૨,૮૨૦-૫૦૦/૩-૧૪,૩૨૦-૫૬૦/૭-૧૮,૨૪૦ માં મૂળ પગાર રૂા. ૧૦,૦૦૦ મળવાપાત્ર છે. પગાર ઉપરાંત અન્ય ભથ્થાઓ જેવાં કે, મોંઘવારી ભથ્થું, એચ.આર.એ., સી.સી.એ., બેંકના ધારાધોરણ પ્રમાણે મળવાપાત્ર છે. બધા ભથ્થા મળી પ્રોબેશનરી ઓફિસરને મેટ્રો સીટીમાં પ્રારંભિક ધોરણે રૂા. ૧૭,૬૦૦/- મળવાપાત્ર છે.

**❒ અરજી કેવી રીતે કરશો ? :**

❋ અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ સૌ પ્રથમ એસ.બી.આઈ.ની શાખામાં જવાનું રહેશે. અહીં અરજી ફીની રકમ ચૂકવી તેની પહોંચ મેળવી લેવાની રહેશે.

❋ ત્યારબાદ ઉમેદવારે બેંકની વેબસાઈટ www.statebankofindia.com અથવા www.sbi.co.in ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

❋ ઓનલાઈન અરજી કરનાર ઉમેદવારે સૌ પ્રથમ પોતાનો કાયદેસરનો ઈ-મેઈલ આઈ.ડી. મેળવી લેવાનો રહેશે. જેના કારણે ઉમેદવાર કોલલેટર/ઈન્ટરવ્યૂ માટેની સૂચના વગેરે ઈ-મેઈલ દ્વારા મેળવી શકે છે.

❋ ઉમેદવારે સૌ પ્રથમ એ બાબત ખાસ ચકાસી લેવી કે તેમણે બેંકમાં અરજી ફી ભરી છે તેના બદલામાં બેંકે આપેલી પહોંચમાં જનરલ નંબર (૭ થી ૧૦ ડિજિટવાળો), શાખાનું નામ, શાખાનો કોડ નંબર અને નાણા ભર્યાની તારીખ દર્શાવેલ છે કે નહીં.

❋ **ઉમેદવારોએ અરજી ફી તા. ૨૫-૧-૨૦૧૦ સુધીમાં કે તે પૂર્વે ભરી દેવી જરૂરી છે.**

❋ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કર્યાની પ્રિન્ટઆઉટ તેમજ અરજી ફીની પહોંચ પોતાના પાસે સાચવી રાખવી.

❋ પરીક્ષા સંબંધી સૂચનાઓ માટેની બુકલેટ ઉમેદવારોને મોકલવાના કોલલેટર સાથે મોકલવામાં આવશે.

❋ સરકારી વિભાગો/રાષ્ટ્રિયકૃત બેંકના કર્મચારીઓએ ઈન્ટરવ્યૂ સમયે 'ના વાંધા પ્રમાણપત્ર' રજૂ કરવાનું રહેશે. અન્યથા તેઓ ટી.એ. મેળવવા પાત્ર થશે નહીં.

❋ અનામત વર્ગના ઉમેદવારોએ ઈન્ટરવ્યૂ વખતે જાતિના દાખલાના, મેડિકલ સર્ટિ.ની અસલ નકલ રજૂ કરવાની રહેશે. અ.પ.વ.ના ઉમેદવારોએ તા. ૩૧-૧-૨૦૧૦ પહેલા મેળવેલું નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ ઈન્ટરવ્યૂ વખતે રજૂ કરવાનું રહેશે.

**❒ અરજી ફી :**

❋ અરજી ફી તરીકે **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ સહિત) (અ.જા./અ.જ.જા./શા.ખો.ખાં. વર્ગના ઉમેદવારો માટે માત્ર ટપાલ ખર્ચના રૂા. ૫૦) ચૂકવવાના રહેશે.

***(અનુસંધાન પાન નં. ૬ ઉપર)***

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.*